# ભારતીય બંધારણ
# બંધારણીય હક્કો અને ફરજો
# તથા
# માનવ અધિકારોની સમજ












આવાસ અધિકાર ઝુંબેશ
અમારા આવાસ અમારા સવાલો.....
આવાસથી વંચિત લોકોનું લોકસંમેલન
આવાસ અધિકાર ઝુંબેશ
આયોજકો







District Voluntary Organization
Co-ordination Meeting

# ભારતીય બંધારણ
# બંધારણીય હક્કો અને ફરજો
# તથા
# માનવ અધિકારોની સમજ


:: સંપાદન ::

**મો. શરીફ મલેક**

:: માર્ગદર્શન::

**અનુરાધા ઘરતી**

**રફી મલેક**



:: પ્રકાશક ::

**સેન્ટર ફોર ડેવલપમેન્ટ**

**અમદાવાદ**

CfD Centre for Development

mensen met een missie

UNDERSTANDING OF CONSTITUTION OF INDIA,
CONSTITUTIONAL RIGHTS, DUTIES & HUMAN RIGHTS

(ભારતીય બંધારણ, બંધારણીય હક્કો અને ફરજો તથા માનવ અધિકારોની સમજ)


**આવૃત્તિ : ૨**
**નકલ : ૧૦૦૦ કોપી**
**શૈક્ષણિક જાગૃતિ હેતુ**
**વિના મૂલ્યે**

**પ્રકાશક : સેન્ટર ફોર ડેવલપમેન્ટ**



**રજીસ્ટર્ડ ઓફિસ :**
૧૧, અમન સોસાયટી, રસુલાબાદ,
શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮.
ફોન : ૦૭૯-૨૬૫૭ ૭૦૧૬
E-mail : cfd.ad28@gmail.com
Web. : www.cfdngo.org

**પત્રવ્યવહારનું સરનામું :**
બીજો માળ, મિસ્ત્રી ચેમ્બર્સ,
કામા હોટલની બાજુમાં, ખાનપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧.

# સેન્ટર ફોર ડેવલપમેન્ટ

**વિઝન :-** ન્યાયી, માનવીય અને શાંત સમાજની રચના કરવી, જ્યાં બધાને સમાન અધિકારો મળી રહે.

**મિશન :-** વંચિત સમાજ અને કચડાયેલ વર્ગ સંગઠીત અને જાગૃત થઈ તેમનાં અધિકાર માટે સક્ષમ બને અને માનભેર રીતે તેને ભોગવી શકે.

**ભૌગોલિક વ્યાપ :-** સંસ્થા અમદાવાદ શહેરનાં ૧૯ વિસ્તારો અને ગુજરાતના અમદાવાદ, મહેસાણા, પાટણ, ભરૂચ, જામનગર, અને જૂનાગઢ જીલ્લાઓના ૧૮ તાલુકા તેમજ ૧૨૩ ગામોમાં કાર્ય કરી રહી છે.

**લક્ષ્યાંક જૂથ :-** બાળકો, કિશોરીઓ, યુવાનો, બહેનો તથા વંચિત સમુદાયો.

**સંસ્થાના મુખ્ય ચાર કાર્યક્રમ છે.**

૧. સામાજીક સક્ષમતા
૨. આર્થિક સક્ષમતા
૩. શાંતિ અને સદ્દભાવના
૪. શિક્ષણ અને જાગૃતિ

**સંસ્થા દ્વારા લોકોભાગીદારીથી ત્રણ લોક સંગઠનો ઉભા કરવામાં આવ્યા છે.**

૧. એકતાનારી સંગઠન
૨. અમદાવાદ શહેરી યુવા મંચ
૩. કદમ બાળ સંગઠન

આ લોકસંગઠનો વંચિત સમુદાયના બહેનો, બાળકો અને યુવાનો દ્વારા બનેલા છે. આ સંગઠનો દ્વારા સામાજીક, આર્થિક સક્ષમતા તથા શાંતિ અને વિકાસના કામો થઈ રહ્યા છે.આ ઉપરાંત બહેનો અને બાળકો ઉપર થતી હિંસા અને અન્યાયી માળખા સામે તેમને રક્ષણ મળે અને તેમના અધિકારો જળવાઈ રહે તે માટે ક્ષમતાવર્ધન કાર્યક્રમો કરવા અને યુવાનો સાથે રોજગારલક્ષી આવડતો વધારી તેમને રોજગારીમાં જોડવા અને તેમના દ્વારા શાંતિ અને સદ્ભાવના કાયમ થાય તેવા કાર્યક્રમો સંસ્થા દ્વારા ચલાવવામાં આવી રહ્યાં છે.

**સેન્ટર ફોર ડેવલપમેન્ટ દ્વારા એલાયન્સ ફોર પીસ એન્ડ જસ્ટીસ (APJ)** નાં નેજા હેઠળ ગુજરાતમાં વંચિત સમુદાયોના મુળભૂત અધિકારો અને વ્યવસ્થાઓ મળી રહે તે માટે સમાજનાં અલગ-અલગ જુથો, અન્ય સંસ્થાઓ, સરકારના સંલગ્ન વિભાગો અને આગેવાનો સાથે સંકલન કરીને ન્યાય, શાંતિ અને સમાનતાના મુદ્દા ઉપર સતત કાર્ય કરી રહી છે.

વિકાસમાં વંચિતો, કાર્યક્રમ અંતર્ગત ગુજરાતનાં ૨૧ જીલ્લાઓમાં મુખ્ય ૩ બાબતોને ધ્યાનમાં રાખીને કામ કરવામાં આવી રહ્યું છે જેમાં સમાજના અવાજને મજબૂત બનાવવો સંવેદનશીલ બનાવવો તથા અવાજને જોડવો એ વ્યૂહરચના મુજબ કામગીરી કરવામાં આવી રહી છે.

**એ.પી.જે.ની મુખ્ય કામગીરી :-**

૧) ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર ન્યાય અને અધિકારો માટે કામ કરવું.
૨) કોઈપણ જાતના ભય વગર ધાર્મિક સ્વાતંત્ર્ય મળે તે નિશ્ચિત કરવું.
૩) લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાને મજબૂત કરવી.
૪) શાંતિ અને ન્યાય માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી કરવી.
૫) વિવિધ સરકારી યોજનાઓની જાગૃતિ વધારવાનું અને લાયક લોકો સુધી તે યોજનાને લાભો પહોંચાડવા માટે સરકારી વિભાગોને લોકો સુધી લઈ જવા.
૬) વિવિધ પ્રકારની હિંસાના ભોગ બનેલા નિર્દોષ લોકોને ન્યાય મળે તે સુનિશ્ચિત કરવું.
૭) લોકશાહી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, પ્રચાર-પ્રસાર માધ્યમો, નાણાંકીય સંસ્થાઓ વગેરે સાથે ચર્ચા કરી તેમને સમાજના કચડાયેલા, ઉપેક્ષિત સમૂહોના સર્વાંગી વિકાસ સાથે જોડવાં હેતુ ચર્ચા અને મુલાકાતો કરવી.
૮) સમાન વિચારસરણી ધરાવતાં વ્યક્તિઓ, જૂથો અને સંસ્થાઓ સાથે સંબંધો પ્રસ્થાપિત કરવા.

## "સંદેશ"

પ્રવર્તમાન વૈશ્વિકરણ અને આધુનિકરણના સમયમાં સમાજ બે દિશામાં આગળ વધી રહ્યો છે. એક સમુદાય જે પ્રમાણમાં ખુબ નાની સંખ્યામાં છે તે વધારે ને વધારે પ્રબળ બનતો જાય છે અને દેશના સંસાધનો પર તેનું નિયંત્રણ પણ વધતુ જઈ રહ્યુ છે. જ્યારે બીજી તરફ એક મોટો સમુદાય છે જે દેશની પ્રગતિમાં તેનું લોહી, પરસેવો અને જીવન આપીને પોતાનું કર્તવ્ય નિભાવે છે, તે સમુદાય વધારે ને વધારે ગરીબ અને હાંસિયામાં ધકેલાઈ રહ્યો છે. સંગઠિત તાકતો આ અસંગઠિત લોકો માટેની ફરજને સહાનુભુતિ રૂપે માત્ર પૂણ્ય કમાવવા અથવા તો તેમની મહેનતનું વળતર ન ગણી શકાય તેવી રીતે ઉપકાર દર્શાવતી રીતે આપવા માટેના કાર્યો કરવા પૂરતી મર્યાદિત કરી દીધી છે.

સામાજીક અને આર્થિક વિકાસની વિસંગતતા સમાજને બે ભાગો માં વિભાજીત કરી રહી છે.

આ સ્થિતિમાં ભારતનું બંધારણ એક ખુબ જ મહત્વનો સંદર્ભ બની રહે છે. બંધારણ દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો અને સમાજને માનવતાલક્ષી બનાવવાની વિભાવનાઓ ખુબ જ સારી રીતે વિચારીને લખવામાં આવેલી છે. બંધારણ એક ગ્રંથ એવો છે જે ભારતના દરેક નાગરિકને એક સમાન જીવવાનો અને વિકાસનો અધિકાર આપે છે.

આ પુસ્તિકા ભારતના બંધારણના ગ્રંથની મુખ્ય વિભાવનાઓને સારી ભાષામાં મુકવામાં આવેલું પ્રયત્ન છે. જેને સામાન્ય વ્યક્તિ પણ સારી રીતે સમજી શકે. અને જો તેની સાથે અન્યાય થતો હોય તો આ માહિતી નો ઉપયોગ કરીને ન્યાય માટેનો રસ્તો નક્કી કરી શકે છે.

આશા છે, આપને આ પુસ્તિકા ઉપયોગી લાગશે. તમારા પ્રતિભાવો અમને ચોક્કસથી મોકલાવો જેથી આ પુસ્તિકાને વધારે સારી, સરળ અને સમૃદ્ધ બનાવી શકીએ.

આપનો ઉત્સાહપૂર્વક અને સકારાત્મક પ્રતિભાવ મળવાથી તથા લોકોમાં ભારતીય બંધારણ પ્રત્યે વધારે જાગૃતિ કેળવાય તે હેતુથી અમે આ પત્રિકામાં થોડા ફેરફાર સાથે બીજી આવૃત્તિ પ્રસ્તુત કરી રહ્યા છીએ.

**મીરા મલેક**
ડાયરેકટર
સેન્ટર ફોર ડેવલપમેન્ટ

## અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પેજ નં. |
|---|---|---|
| ૧. | ભારતનાં બંધારણનું આમુખ ...................... | ૧ |
| ૨. | મુળભૂત હક્કો (ટુંકમાં) ........................ | ૨ |
| ૩. | મુળભૂત અધિકાર ............................. | ૬ |
| ૪. | સમાનતાનો અધિકાર .......................... | ૧૦ |
| ૫. | સ્વતંત્રતાનો અધિકાર.......................... | ૧૪ |
| ૬. | શોષણ વિરુદ્ધનો અધિકાર ...................... | ૧૭ |
| ૭. | ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર .................... | ૧૮ |
| ૮. | સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર ................ | ૧૯ |
| ૯. | બંધારણીય ઈલોજોનો અધિકાર.................... | ૨૧ |
| ૧૦. | મુળભૂત ફરજો ............................... | ૨૩ |
| ૧૧. | માનવ અધિકારો.............................. | ૨૬ |
| ૧૨. | ધારસભાઓ, કાર્યાલયો, ન્યાયાલયો ............ | ૩૫ |
| ૧૩. | આપણા રાજનૈતિક અધિકાર .................... | ૩૮ |
| ૧૪. | આપણા વિશેષ અધિકારો માટે વિવિધ પંચની રચના.. | ૪૦ |

# ભારતનું બંધારણ
# આમુખ

**અમે ભારતના લોકો**
**ભારતને સાર્વભૌમ સમાજવાદી**
**બિનસાંપ્રદાયિક લોકશાહી પ્રજાસત્તાક**
**રચવા અને તેના તમામ નાગરિકોને**
**ન્યાય - સામાજિક, આર્થિક તથા રાજકીય,**
**સ્વાતંત્ર્ય - વિચાર, અભિવ્યક્તિ,**
**માન્યતા, શ્રદ્ધા તથા પૂજાનું,**
**સમાનતા - દરજ્જાની તથા તક અપાવવા**
**અને એ સૌમાં**
**વ્યક્તિનું ગૌરવ તથા રાષ્ટ્રની એકતા**
**અને અખંડિતતા સિદ્ધ કરનાર**
**ભ્રાતૃભાવ પ્રેરવા**
**કૃતનિશ્ચયી થઈને**
**આજ, ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના દિને**
**અમારી બંધારણસભામાં**
**આ બંધારણ**
**અંગીકૃત, અધિનિયમિત તથા**
**આત્માર્પિત કરીએ છીએ.**

# *ભારતનું બંધારણ

## મૂળભૂત હક્કો (વિભાગ - ૩)

આર્ટિકલ ૧૩ બંધારણથી વિસંગત કાયદાઓ નિરર્થક ગણાશે (બંધારણમાં કરવામાં આવેલ સુધારો કાયદો ગણાશે. મૂળભૂત અધિકારોને વિપરીત અસર થાય તેવો સુધારો કરવાની સંસદને સત્તા નથી.)

આર્ટિકલ ૧૪ કાયદા સમક્ષ સમાનતા

આર્ટિકલ ૧૫ ધર્મ, જાતિ, લિંગ કે જન્મસ્થળના કારણોસર ભેદભાવ ઉપર પ્રતિબંધ.

આર્ટિકલ ૧૫(૩) આ આર્ટિકલમાંનું કોઈપણ રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈ કરતાં અટકાવી શકશે નહીં.

આર્ટિકલ ૧૫(૪) આ આર્ટિકલમાંનું અથવા આર્ટિકલ ૨૯(૨)માંનું કોઈપણ રાજ્યને નાગરિકોના સામાજિક અથવા શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઉન્નતિ માટે અથવા અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જનજાતિઓ માટે કોઈ ખાસ જોગવાઈ કરતા અટકાવી શકશે નહીં.

આર્ટિકલ ૧૬ જાહેર નોકરીમાં સમાનતા

અર્ટિકલ ૧૭ અસ્પૃશ્યતાનો નાશ

અર્ટિકલ ૧૯ સ્વાતંત્ર્યતાનો અધિકાર

(૧) વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય (૨) સભાનું સ્વાતંત્ર્ય (૩) હરવા ફરવાનું સ્વાતંત્ર્ય (૪) સંગઠનનું સ્વાતંત્ર્ય (૫) વ્યવસાય, આજિવિકા, ધંધો કે વેપારનું સ્વાતંત્ર્ય (૬) વસવાટનું સ્વાતંત્ર્ય (૭) મિલકત મેળવવાનું, ધરાવવાનું અને તેનો નિકાલ કરવાનું સ્વાતંત્ર્ય

આર્ટિકલ ૨૦ ગુના માટે દોષિત ઠરાવવા સંબંધમાં રક્ષણ

આર્ટિકલ ૨૧ જિંદગી અને અંગત સ્વતંત્રતાનું રક્ષણ

આર્ટિકલ ૨૩-૨૪ શોષણ વિરૂદ્ધનો હક

ધર્મસ્વાતંત્ર્યનો અધિકાર

**આર્ટિકલ ૨૫.** **અંતઃકરણનું અને મુક્ત રીતે ધર્મની માન્યતા, પાલન અને પ્રચારનું સ્વાતંત્ર્યઃ**

(૧) જાહેર વ્યવસ્થા, નિતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે એ રીતે અને આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને, તમામ લોકોને અંતઃકરણની સ્વતંત્રતાનો અને મુક્ત રીતે ધર્મ માનવાનો, પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો સમાન હક્ક રહેશે.

(૨) આ અનુચ્છેદની જોગવાઈથી -

(એ) ધાર્મિક આચાર સાથે સંકળાયેલી કોઈ આર્થિક, નાણાંકીય, રાજકીય અથવા અન્ય ધર્માન્તર પ્રવૃત્તિનું નિયમન અથવા નિયંત્રણ કરતા,

(બી) સામાજિક કલ્યાણ અને સુધારાની અથવા હિન્દુઓના તમામવર્ગો અને વિભાગો માટે સાર્વજનિક સ્વરૂપની હિન્દુ ધાર્મિક સંસ્થાનો ખુલ્લી રાખવાની જોગવાઈ કરતા,કોઈ વર્તમાન કાયદાના અમલને બાધ આવશે નહીં, તેમજ એવો કોઈ અન્ય કાયદો બનાવવામાં રાજ્યને બાધ આવશે નહીં.

સ્પષ્ટીકરણ -૧ : શીખ ધર્મની માન્યતામાં કિરપાણ ધારણ કરવાનો અને તે સાથે લઈને ફરવાનો સમાવેશ થાય છે એમ ગણાશે.

સ્પષ્ટીકરણ-૨ : આર્ટિકલ -૧૫(૨)ના પેટા ખંડ (બી)માં હિન્દુ શબ્દમાં શીખ, જૈન અથવા બૌદ્ધ ધર્મ પાળનારાઓનો સમાવેશ થાય છે અને હિન્દુ ધાર્મિક સંસ્થાઓના ઉલ્લેખને પણ તેમજ સમજવું.

આર્ટિકલ ૨૬ ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય જાહેર વ્યવસ્થા, નીતિમત્તાના અને સ્વાસ્થ્યને બાધ ન આવે એ રીતે ધાર્મિક સંપ્રદાય અથવા તેના કોઈ વિભાગને -

(એ) ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો તથા નિભાવવાનો,

(બી) ધાર્મિક બાબતોમાં, પોતાની બાબતોનો પોતે વહીવટ કરવાનો.

(સી) સ્થાવર અને જંગમમિલકતની માલિકીનો અને સંપાદનનો, અને

(ડી) એવી મિલકતનો કાયદા અનુસાર વહીવટ કરવાનો, હક રહેશે.

**આર્ટિકલ ૨૭ કોઈ ખાસ ધર્મના વિકાસ માટે ભરવાના કર અંગે સ્વતંત્રતા :**

અમુક ધર્મ કે સંપ્રદાયની અભિવૃદ્ધિ અથવા નિભાવ માટેના ખર્ચ માટે વેરા ભરવાની કોઈ વ્યક્તિને ફરજ પાડવા પર પ્રતિબંધ.

**આર્ટિકલ ૨૮ અમુક શિક્ષણ - સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી અંગે સ્વતંત્રતા :**

(૧) રાજ્યના નાણાંમાથી પૂરેપૂરી નિભાવાતી શિક્ષણ સંસ્થામાં કોઈપણ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકાશે નહીં.

(૨) રાજ્ય જેનો વહીવટ કરતું હોય પરંતુ જેને ધાર્મિક શિક્ષણ આપવાનું ફરજિયાત બનાવતા કોઈ ટ્રસ્ટ હેઠળ સ્થાપવામાં આવેલી હોય તેવી શિક્ષણ સંસ્થાને આર્ટિકલ-૨૮ (૧) લાગુ પડશે નહીં.

(૩) રાજ્યે માન્ય કરેલી અથવા રાજ્યનાં નાણાંમાંથી સહાય મેળવતી શિક્ષણ સંસ્થામાં શિક્ષણ લેતી કોઈ વ્યક્તિને એવી સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવાની અથવા એવી સંસ્થામાં અથવા તેને સંલગ્ન કોઈ મકાનમાં ચલાવાતી કોઈ ધાર્મિક ઉપાસનામાં હાજર રહેવાની ફરજ પાડી શકાશે નહીં, સિવાય કે તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિ સગીર હોય તો તેના વાલીએ એ માટે પોતાની સંમતિ આપી હોય.

સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો

**આર્ટિકલ ૨૯ લઘુમતિઓના હિતોનું રક્ષણ :**

(૧) ભારતના રાજ્યક્ષેત્રમાં અથવા તેના કોઈ ભાગમાં વસતા અને પોતાની અલાયદી ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ ધરાવતા નાગરિકોના કોઈ ભાગને તે જાળવી રાખવાનો હક રહેશે.

(૨) રાજ્ય વડે નિભાવાતી કે રાજ્યના નાણામાંથી સહાય મેળવતી કોઈ શિક્ષણ સંસ્થામાં ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા અથવા એમાંના કોઈ કારણે નાગરિકને પ્રવેશનો ઈનકાર કરી શકાશે નહીં.

**આર્ટિકલ ૩૦ શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો લઘુમતિઓના હક :**

(૧) ધર્મ કે ભાષા ઉપર આધારિત તમામ લઘુમતિઓને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો હક રહેશે.

(૨) કોઈ શિક્ષણ સંસ્થા ધર્મ અથવા ભાષા ઉપર આધારિત કોઈ લઘુમતિ ટ્રસ્ટના વહીવટ હેઠળ હોય એ કારણે તેમને સહાયક ગ્રાન્ટ આપતી વખતે રાજ્ય દ્વારા તેમની સામે ભેદભાવ રાખી શકાશે નહીં.

ભારતનું બંધારણ
વિશ્વના શ્રેષ્ઠ બંધારણોમાંનું એક ગણાય છે.
જો કે બંધારણ આદર્શ સ્થિતિ દર્શાવે છે,
વાસ્તવિકતા તેનાથી ઘણી જુદી છે.
મૂળભૂત અધિકારોના ભંગ સામે હાઈકોર્ટ કે
સુપ્રિમકોર્ટમાં સીધા જઈ શકાય છે.
બંને કોર્ટને સમાન સત્તા છે.

***સંદર્ભ : સફર**

*The attainment of freedom,
whether for a man, a nation or
the world, must be in exact
proportion to the attainment of
non-violence by each.*
***- Mahatma Gandhi***

# *૧૫. મૂળભૂત અધિકાર
## (Fundamental Rights)

**ભારતના બંધારણના ભાગ-૩ માં અનુચ્છેદ-૧૨ થી અનુચ્છેદ-૩૫ માં મૂળભૂત અધિકારોની ચર્ચા કરવામાં આવી છે આથી બંધારણના ભાગ-૩ ને ‘‘ભારતનો મેગ્નાકાર્ટા’’ કહેવામાં આવે છે.**

### મૂળભૂત અધિકાર/મૌલિક અધિકાર એટલે શું ?

- એવા અધિકાર જે વ્યક્તિના જીવન અને તેના સંપૂર્ણ (ભૌતિક, માનસિક, આર્થિક, નૈતિક) વિકાસ માટે મૂળભૂત અને અનિવાર્ય હોવાના કારણે બંધારણ દ્વારા નાગરિકોને આપવામાં આવે છે. જેમાં રાજ્ય દ્વારા પણ હસ્તક્ષેપ કરવામાં આવતો નથી. તેમને મૂળભૂત અધિકાર કહેવામાં આવે છે.

### મૂળભૂત અધિકારોનો વૈશ્વિક ઈતિહાસ :-

- મૂળભૂત અધિકારોના વિચારની શરૂઆત ઈ.સ. ૧૨૧૫ માં ઈંગ્લેન્ડમાં ‘મેગ્નાકાર્ટા’ થી થઈ.
- સૌ પ્રથમ૧૭૮૯ માં ફ્રાંસે પોતાના બંધારણમાં મૂળભૂત અધિકારોને સ્થાન આપ્યું.
- ૧૭૯૧ માં અમેરિકાનાં બંધારણમાં ‘‘અધિકાર પત્ર’’ સામેલ કરવામાં આવ્યો.

### ભારતમાં મૂળભૂત અધિકાર :-

- ભારતમાં સૌ પ્રથમ૧૮૯૫ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા મૂળભૂત અધિકારોની માંગ કરવામાં આવી.
- ૧૯૧૫ માં એનીબેસન્ટ દ્વારા મૂળભૂત અધિકારોની માંગ ‘‘ભારતીય બંધારણીય ખરડા’’ સ્વરૂપે કરવામાં આવી.
- ૧૯૨૫ માં ‘ધ કોમનવેલ્થ ઈન્ડિયા બીલ’ માં પણ મૂળભૂત અધિકારોની માંગ કરવામાં આવી.
- ૧૯૨૮ માં મોતીલાલ નહેરૂના ‘નહેરૂ રિપોર્ટ’ માં પણ મૂળભૂત અધિકારોની માંગ કરવામાં આવી.

- ૧૯૩૧ માં કરાંચી અધિવેશન તથા બીજી ગોળમેજી પરિષદમાં પણ ગાંધીજી દ્વારા મૂળભૂત અધિકારોની માંગ રજૂ કરવામાં આવી. પરંતુ ૧૯૨૫ ના ભારત સરકાર અધિનિયમમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં ન આવ્યો.
- આઝાદી પછી ભારતની બંધારણ સભામાં મૂળભૂત અધિકારો માટેની એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી જેના અધ્યક્ષ સરદાર વલ્લભભાઈ પટેલ હતા. આ સમિતિ દ્વારા બંધારણના ભાગ-૩ માં અનુચ્છેદ-૧૨ થી અનુચ્છેદ-૩૫ માં મૂળભૂત અધિકાર અંગેની જોગવાઈઓ રજુ કરવામાં આવી.

### મૂળભૂત અધિકારોનું મહત્ત્વ :-

- લોકશાહી વ્યવસ્થાના પાયાના એકમો છે.
- દેશની રાજનીતિમાં કોઈ પક્ષ વિશેષની તાનાશાહીને રોકે છે.
- નાગરિકોની શોષણથી રક્ષા કરે છે.
- દેશની રાજકીય પ્રક્રિયાઓમાં લોકોની ભાગીદારી નક્કી કરે છે.
- સરકારના વિભિન્ન અંગો કારોબારી - ન્યાયતંત્ર વચ્ચે મર્યાદા નક્કી કરે છે.
- કેટલાંક મૂળભૂત અધિકારો વિદેશીઓને પણ પ્રાપ્ત છે. જ્યારે કેટલાક મૂળભૂત અધિકારો માત્ર નાગરિકોને પ્રાપ્ત છે.

### મૂળભૂત અધિકાર અને સામાન્ય કાયદાકીય અધિકાર વચ્ચેની તફાવત :-

- સામાન્ય કાયદાકીય અધિકારોમાં સંસદ સામાન્ય કાયદો બનાવી પરિવર્તન કરી શકે છે જ્યારે મૂળભૂત અધિકારોમાં પરિવર્તન માટે સંસદે બંધારણમાં સુધારો કરવો પડે છે.
- સામાન્ય કાયદાકીય અધિકારોને અમલમાં મૂકવા સામાન્ય કાયદાની મદદ લેવામાં આવે છે જ્યારે મૂળભૂત અધિકારોને અમલમાં મૂકવા સ્વયં બંધારણ છે.
- સામાન્ય કાયદાકીય અધિકારોની વિરૂદ્ધમાં સરકાર કે તેનું અંગ કાયદો બનાવી કાર્યવાહી કરી શકે છે. જ્યારે સરકારનો કોઈપણ અંગ મૂળભૂત અધિકારો વિરૂદ્ધ કાર્યવાહી કરી શકતું નથી.

**બંધારણના ભાગ-૩ મુજબ 'રાજ્ય' ની વ્યાખ્યા :-**

**અનુચ્છેદ-૧ ૨ :** આ અનુચ્છેદમાં ભાગ-૩ થી સંબંધિત રાજ્યની વ્યાખ્યા આપવામાં આવી છે. આ અનુસાર 'રાજ્ય' માં ભારતની સરકાર અને સંસદ તથા રાજ્યો પૈકી દરેક રાજ્યની સરકાર અને તેનં વિધાન મંડળ તથા ભારતના રાજ્યક્ષેત્રોની અંદરના અથવા ભારત સરકારની નિયંત્રણ હેઠળના તમામસ્થાનિક કે અન્ય સત્તા મંડળનો સમાવેશ થાય છે.

**મૂળભૂત અધિકારોને નુકશાન પહોંચાડનાર અથવા સીમિત કરનાર કાયદાઓ :-**

**અનુચ્છેદ-૧ ૩ :** આ અનુચ્છેદ મુજબ,

(I) મૂળભૂત અધિકારોથી વિરૂદ્ધ હોય તેવા તમામ કાયદા શૂન્ય ગણાશે.

(ii) મૂળભૂત અધિકારોનો નાશ થાય તેવો કોઈ કાયદો રાજ્ય ઘડી શકે નહિં.

(iii) બંધારણીય સુધારો કાયદાની પરિભાષામાં આવતો નથી. આથી સંસદ જરૂર પડ્યે બંધારણીય સુધારા દ્વારા મૂળભૂત અધિકારો પર નિયંત્રણ લાદી શકે છે.

**અનુચ્છેદ-૧૩** (i) અને (ii) એ ન્યાયિક સમીક્ષા (Judiciary Review) દર્શાવે છે. અર્થાત્ મૂળભૂત અધિકાર વિરૂદ્ધના કાયદા અનુચ્છેદ-૩૨ અને અનુચ્છેદ-૨૨૬ મુજબ સર્વોચ્ચ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયલય દ્વારા રદ કરવાને પાત્રતા ધરાવે છે.

**અનુચ્છેદ-૧૩** અનુસાર 'કાયદો' / 'વિધિ' શબ્દમાં વટહુકમ, હુકમ, ઉપનિયમ, નિયમ, વિનિયમ, જાહેરનામું, રૂઢિ અથવા પ્રથાનો સમાવેશ થાય છે.

તેમાં બંધારણીય સુધારાનો સમાવેશ થતો નથી. પરંતુ કેશવાનંદભારતી કેસ (૧૯૭૩) માં સર્વોચ્ચ ન્યાયાલય જણાવ્યું કે, મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન કરનાર બંધારણીય સુધારાને સર્વોચ્ચ ન્યાયલયમાં પડકારી શકાય છે. જો તે સુધારો બંધારણની મૂળ સંરચનાની વિરૂદ્ધ હોય.

**ભારતના બંધારણમાં મુખ્યત્ત્વે (૬) જેટલા મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે :-**

૧. સમાનતાનો અધિકાર (અનુચ્છેદ-૧૪ થી અનુચ્છેદ-૧૮)

૨. સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ-૧૯ થી અનુચ્છેદ-૨૨)

૩. શોષણ વિરૂદ્ધનો અધિકાર (અનુચ્છેદ-૨૩ અને અનુચ્છેદ-૨૪)

૪. ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ-૨૫ થી અનુચ્છેદ-૨૮)

૫. સંસ્કૃતિ અને શૈક્ષણિક અધિકાર (અનુચ્છેદ-૨૯ અને અનુચ્છેદ-૩૦)

૬. બંધારણીય ઉપચારોનો અધિકાર (અનુચ્છેદ-૩૨)

**યાદ રાખો :-**

મૂળ બંધારણમાં ૭ મૂળભૂત અધિકાર હતા. જેમાં 'મિલકતનો અધિકાર' નો સમાવેશ કરવામાં આવતો હતો, પરંતુ ૪૪ માં બંધારણીય સુધારા, ૧૯૭૮ દ્વારા તેને નાબુદ કરવામાં આવ્યો છે.

*We have discovered that there*
*are ways of getting almost*
*anywhere we want to go, if we*
*really want to go there.*
***- Langston Hughes***

# ૧. સમાનતાનો અધિકાર
## (Right to Equality)

**અનુચ્છેદ-૧૪ :- સૌને માટે સમાન કાયદો અને સૌને કાયદાનું સમાન રક્ષણ.**

- અર્થાત્ ભારતના રાજ્યક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને, રાજ્યથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાશે નહિ.
- સૌને સમાન કાયદો એ એક નકારાત્મક સંકલ્પના છે. બ્રિટનના બંધારણમાં "કાયદાનું શાસન" (Rule of law) સિદ્ધાંતમાંથી લેવામાં આવી છે.
- જ્યારે સૌને કાયદાનું સમાન રક્ષણ એ એક હકારાત્મક સંકલ્પના છે. જે અમેરિકાના બંધારણમાંથી લેવામાં આવી છે.

### ભારતમાં સમાનતાના હકમાં અપવાદ :

**(૧) ભારતના રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ - (અનુચ્છેદ-૩૬૧)**

અનુચ્છેદ-૩૬૧ મુજબ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલે તેમના કાર્યકાળમાં કરેલા કાર્ય માટે દેશના કોઈપણ ન્યાયલયમાં પડકારી શકાશે નહિ, કાર્યકાળ દરમ્યાન તેમની સામે કોઈપણ ન્યાયાલયમાં ધરપકડ કે જેલવાસ સંબંધિત પ્રક્રિયા થઈ શકે નહિ, તથા કાર્યકાળ દરમ્યાન વ્યક્તિગત રીતે પણ કરેલા કોઈપણ કાર્યમાં દીવાની ન્યાયાલયમાં કેસ કરી શકાય નહી.

**(૨) સંસદ સભ્યોને વિશેષાધિકાર (અનુચ્છેદ-૧૦૫) તથા વિધાન સભ્યોને વિશેષાધિકાર (અનુચ્છેદ-૧૯૪)**

**અનુચ્છેદ-૧૫ કોઈપણ નાગરિકની સાથે ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન સાથે અથવા એમાના કોઈપણ કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.**

**અનુચ્છેદ-૧૫** સંપૂર્ણ પેટા જોગવાઈઓ સાથે નીચે મુજબ છે.

૧૫(i) : કોઈપણ નાગરિકની સાથે ફક્ત ધર્મ, વંશ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન અથવા એમાના કોઈપણ કારણે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.

૧૫(ii) : ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનને અથવા એમના કોઈ કારણે કોઈપણ નાગરિક અન્ય નાગરિક કે નાગરિક સમૂહને દુકાનો, જાહેર રેસ્ટોરાં, હોટલો, જાહેર મનોરંજનના સ્થળોમાં પ્રવેશ કરતા કે રાજ્ય

નાણાંમાંથી પૂર્ણતઃ કે અંશતઃ પોષિત અથવા સામાન્ય જનતા માટે અર્પણ કરાયેલા કૂવા, તળાવો, રસ્તા, સ્નાનાઘાટો વગેરેનો ઉપયોગ કરતા રોકી શકશે નહિ.

૧૫(iii) : આ **અનુચ્છેદ-૧૫** એ રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે વિશેષ અલગથી ખાસ જોગવાઈઓ કરવા માટે રોકાતો નથી.

૧૫(iv) આ **અનુચ્છેદ-૧૫** એ રાજ્યને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત (OBC) વર્ગોના નાગરિકોના કોઈ વર્ગોના ઉત્કર્ષ અથવા અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત જનજાતિઓ (ST) માટે વિશેષ અલગથી ખાસ જોગવાઈ કરવા માટે રોકતો નથી.

૧૫(v) : આ **અનુચ્છેદ-૧૫** એ રાજ્યને **અનુચ્છેદ-૩૦** ના ખંડ (i) માં ઉલ્લેખેલ લઘુમતીઓની શિક્ષણ સંસ્થાઓ સિવાયની રાજ્ય દ્વારા સહાયતા પ્રાપ્ત અથવા બિન-સહાયિત ખાનગી શિક્ષણ સંસ્થાઓ સહિતની શિક્ષણ સંસ્થાઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત નાગરિકોના કોઈ વર્ગોના (OBC) ઉત્કર્ષ અથવા અનુસૂચિત જાતિઓ (SC) અથવા અનુસૂચિત આદિજાતિઓ (ST) માટે, કાયદાથી પ્રવેશ સંબંધિત ખાસ-વિશેષ જોગવાઈઓ કરતા રોકી શકશે નહિ.

**યાદ રાખો :-**

**અનુચ્છેદ-૧૫** (iii) મુજબ જ વિવિધ સંસ્થાઓમાં સ્ત્રીઓને અનામત આપવામાં આવે છે. તથા **અનુચ્છેદ-૧૫** (iv) અને ૧૫ (v) મુજબ OBC, SC, ST વગેરેને અન્ય વિશેષ લાભ તથા શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ આપવામાં આવે છે. આ પ્રકારની નીતિને ''હકારાત્મક - ભેદભાવ'' અથવા ''રક્ષણાત્મક ભેદભાવ'' નીતિ કહેવામાં આવે છે.

- **હકારાત્મક ભેદભાવ** - જૂના પરંપરાગત ભેદભાવોને દૂર કરવા માટે સમાજના નબળા અસહાય અને વંચિત સમૂહોના વિકાસ માટે 'ભેદભાવ' કરવાની નીતિ.
- **રક્ષણાત્મક ભેદભાવ :-** જૂના પરંપરાગત ભેદભાવોને કારણે જેમણે સહન કરવું પડે છે. તેમને ખાસ રક્ષણ આપવા માટે તેમની તરફેણમાં ભેદભાવ કરવાની નીતિ.

## અનુચ્છેદ-૧૬ : જાહેર નોકરી (સરકારી નોકરી) ની બાબતમાં સમાનતા (અવસરની સમાનતા)

**અનુચ્છેદ-૧૬** ની પેટા જોગવાઈઓ સમજુતિ સાથે નીચે મુજબ છે.

૧૬(i) રાજ્ય હેઠળની નોકરી અથવા કોઈ હોદ્દા પર નિમણૂક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે.

૧૬(ii) કોઈ નાગરિક ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, વંશ, જન્મસ્થાન, નિવાસ અથવા એમાના કોઈ કારણે રાજ્ય હેઠળની નોકરી અથવા હોદ્દા માટે અપાત્ર ગણાશે નહિ અથવા તેની ભેદભાવ કરી શકાશે નહિ.

૧૬(iii) આ **અનુચ્છેદ-૧૬** કોઈ રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની સરકાર હેઠળની નોકરી કે હોદ્દા ઉપર નિમણૂક પહેલા નોકરીના સંબંધમાં તે રાજ્ય અથવા કેન્દ્ર શાસિત પ્રદેશની અંદર નિવાસ કરવાનું આવશ્યક હોવાનું ઠરાવ તો કાયદો કરતા સંસદને રોકી શકશે નહીં.

૧૬(iv) આ **અનુચ્છેદ-૧૬** રાજ્યના અભિપ્રાય પ્રમાણે રાજ્ય હેઠળની નોકરીઓમાં જેમનું પુરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા અનુસૂચિત જાતિઓ (SC) અને અનુસૂચિત આદિજાતિઓ (ST) ની માટે રાજ્ય હેઠળની સેવાઓમાં અનામત રાખવા માટેની કોઈપણ જોગવાઈ કરતા રોકી શકશે નહિ.

આ જ અનુચ્છેદમાં ‘‘બેકલોગ’’ વિશેની જોગવાઈ પણ છે. જેમાં અનામત જગ્યાઓ જો જે તે વર્ષે ખાલી પડેલ હોય (અર્થાત્ ભરાઈ ન હોય જે તે વર્ગ વિશેષ દ્વારા) તો તે આગામી વર્ષે અથવા વર્ષોમાં જે તે વર્ગ વિશેષ દ્વારા જ ભરવાની રહેશે અને તેમાં ૫૦% અનામતની ટોચ મર્યાદા પણ વિચારણામાં લેવાશે નહિં.

૧૬(v) આ **અનુચ્છેદ-૧૬** એ રાજ્યને કોઈ ધાર્મિક અથવા સાંપ્રદાયિક સંસ્થાના કામકાજ સંબંધમાં હોદ્દો ધરાવનાર અથવા તેવી સંસ્થાના સંચાલક મંડળનો કોઈ સભ્ય અમુક ધર્મ અથવા સંપ્રદાયનો હોવો જોઈએ તેવી જોગવાઈ કરતા રોકી શકશે નહિ.

**યાદ રાખો :**

- અનુચ્છેદ-૧૬ (iv) મુજબ SC (અનુસૂચિત જાતિ) અને ST (અનુસૂચિત જનજાતિઓ) ને નોકરીઓમાં અને બઢતીમાં અનામત મળે છે. (બઢતીમાં અનામત-૭૭ મો બંધારણીય સુધારો, ૧૯૯૫)
- બેકલોગ-બેઠકો અંગેની જોગવાઈ અનુચ્છેદ-૧૬ (iv) માં કરવામાં આવી છે.

**મંડલ આયોગ :**

- પછાત જાતિઓની અનામતની બાબતમાં ૧૯૦૭૯ માં મોરારજી દેસાઈની સરકાર દ્વારા સંસદ સભ્ય બી.પી. મંડલની આગેવાની એક આયોગની નિમણુંક કરવામાં આવી જે મંડલ આયોગ તરીકે ઓળખાય છે. આ માટે ઈન્દિરા શાહની કેસમાં નવ જજોની બેચનો મુદતો જાણીતો બન્યો હતો.
- મંડલ આયોગ અનુસાર અનુચ્છેદ-૧૬ (iv) માં માત્ર કારોબારી આદેશ દ્વારા પણ પછાત વર્ગોને અનામત આપી શકાય છે. અનુચ્છેદ-૧૬ (iv) મુજબ મળતી અનામત ૫૦% થી વધુ થવી જોઈએ નહિ.
- :સામાજીક પછાત વર્ગોની જાતિ નક્કી કરવા આવક મર્યાદા દ્વારા ''Creamy layer'' ની જોગવાઈ કરવામાં આવી.
- ૭૭ માં બંધારણીય સુધારા દ્વારા SC અને ST ને બઢતીમાં પણ અનામત આપવાની જોગવાઈ ચાલુ રાખવામાં આવી છે.

**અનુચ્છેદ-૧૭ : ''અસ્પૃશ્યતા'' ને નાબૂદ કરવામાં આવે છે.**

- અસ્પૃશ્યતા એ ભારતીય સમાજનું કલંક છે. બંધારણે અસ્પૃશ્યતા નાબૂદ કરી છે.
- અસ્પૃશ્યતાનું આચરણ એ સજા પાત્ર ગુન્હો બને છે.

**અનુચ્છેદ-૧૮ :- ઈલ્કાબો (ઉપાધિઓ) ની નાબૂદી (અંત)**

- અનુચ્છેદ-૧૮ મુજબ લશ્કરી અથવા શૈક્ષણિક સિવાય કોઈપણ બાબતમાં રાજ્ય ખિતાબ એનાયત કરી શકશે નહી અર્થાત્ આ અનુચ્છેદ લશ્કરી અને શૈક્ષણિક બાબતમાં ઈલ્કાબ આપવાની છૂટ આપે છે.
- આ ઉપરાંત આ અનુચ્છેદ મુજબ ભારતનો કોઈ નાગરિક કોઈ અન્ય દેશ પાસેથી પણ રાષ્ટ્રપતિની સંમતિ વિના હોદ્દો કે ઈલ્કાબ સ્વીકારી શકે નહિ.
- સમાજમાં કૃત્રિમ ભેદભાવો ઉભા કરતા ઈલ્કાબો બને ખિતાબો નાબૂદ કરવામાં આવ્યા છે. આમઆ અધિકારનો ઉદ્દેશ સમાનતાવાળા સમાજની રચના કરવાના છે.

**યાદ રાખો :**

સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા આપવામાં આવેલા ચુકાદા મુજબ ભારત સરકાર દ્વારા આપવામાં આવતા સન્માન ભારત રત્ન, પદ્મવિભૂષણ અને પદ્મશ્રી એ અનુચ્છેદ-૧૮ નું ઉલ્લંઘન નથી. સર્વોચ્ચ ન્યાયાલય અનુસાર સૈનિકોત્તર સન્માન જે ગુણવત્તા અને અસામાન્ય કાર્યની માન્યતાના રૂપમાં આપવામાં આવે છે તે સામંતવાદી ઈલ્કાબ નથી.

## ૨. સ્વતંત્રતાનો અધિકાર (Right to Freedom)

**અનુચ્છેદ-૧૯ : અનુચ્છેદ-૧૯ (૧) માં ૬ પ્રકારની સ્વતંત્રતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.**

(a) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

(b) શાંતિપૂર્વક અને શસ્ત્રો વિના ભેગા થવાની સ્વતંત્રતા

(c) સંગઠન અથવા સંઘો અથવા સહકારી મંડળીઓ રચવાની સ્વતંત્રતા (''અથવા સહકારી મંડળીઓ'' ૯૭ મો બંધારણીય સુધારો, ૨૦૧૧ દ્વારા ઉમેરવામાં આવ્યા.)

(d) ભારતના સમગ્ર વિસ્તારમાં મુક્ત પણે હરવા-ફરવાની સ્વતંત્રતા

(e) ભારતના વિસ્તારના કોઈ પણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતા

(f) xxx xxx xxx xxx

(g) કોઈપણ વ્યવસાય, ધંધા-રોજગાર કે વેપાર કરવાની સ્વતંત્રતા.

**યાદ રાખો :**

- મૂળ બંધારણમાં અનુચ્છેદ-૧૯(૧) માં ૭ પ્રકારની સ્વતંત્રતાઓ હતી. જેમાં અનુચ્છેદ-૧૯ (૧) (f) માં મિલકતનો અધિકાર હતો. જેને ૪૪ માં બંધારણીય સુધારા દ્વારા ૧૯૭૮ માં નાબૂદ કરવામાં આવ્યો.
- આથી વર્તમાનમાં અનુચ્છેદ-૧૯ માં માત્ર ૬ જ સ્વતંત્રતાઓ છે.

**પ્રેસની સ્વતંત્રતા :**

- અનુચ્છેદ-૧૯ (૧) (a) માં વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં પ્રેસ/અખબારી સ્વાતંત્ર્યની સમાવેશ કરી દેવામાં આવ્યો છે.
- અનુચ્છેદ-૧૯ (૧) (c) સંઘ રચવાની સ્વતંત્રતા આપે છે. પણ તેમાં હડતાળ કે બંધ પાડવાની સ્વતંત્રતાનો સમાવેશ થતો નથી.
- ૯૭ મો બંધારણીય સુધારો, ૨૦૧૧ : ''સહકારી મંડળી'' રચવાની સ્વતંત્રતાનો સમાવેશ કરવામાં આવ્યો.

**અનુચ્છેદ-૨૦ : ગુના માટે દોષિત કરાવવા અંગે રક્ષણ.**

**અનુચ્છેદ-૨૦** ગુના માટે દોષિસિદ્ધમાં સંરક્ષણ પુરૂં પાડે છે. **અનુચ્છેદ-૨૦** ની પેટા કલમો સાથેની સંપૂર્ણ જોગવાઈઓ નીચે મુજબ છે.

(i) કોઈ વ્યક્તિને કોઈ ગુના માટે ત્યાં સુધી ગુનેગાર ઠેરવી શકાશે નહિ જ્યાં સુધી તેના દ્વારા તે વખતે અમલમાં હોય તેવા કાયદાઓ ભંગ ન કર્યો હોય. તેમજ તેને ગુનો કરતી વખતે અમલમાં હોય તેવા કાયદા અનુસાર કરી શકાતી હોય તેનાથી વધુ શિક્ષા કરી શકશે નહિ.

(ii) એક જ ગુનાનો આરોપ મૂકાયો હોય તેવી વ્યક્તિને પોતાની વિરૂદ્ધ સાક્ષી આપવા ફરજ પાડી શકાય નહિ.

**અનુચ્છેદ-૨૧ - જીવન જીવવાની અને શરીર સ્વાતંત્ર્યનું રક્ષણ (પ્રાણ અને દૈહિક સ્વતંત્રતા)**

**અનુચ્છેદ-૨૧** મુજબ કાયદા દ્વારા નક્કી કરવામાં આવેલી કાર્યવાહી કર્યા વિના કોઈ વ્યક્તિની સ્વતંત્રતા કે તેનું જીવન છીનવી શકાય નહિ.

**યાદ રાખો :**

- ૪૪ માં બંધારણીય સુધારા, ૧૯૭૮ દ્વારા કટોકટી (આપાતકાલ) ની સ્થિતિમાં પણ અનુચ્છેદ-૨૦ અને અનુચ્છેદ-૨૧ ની જોગવાઈઓ સમાપ્ત થતી નથી.
- સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાઓ મુજબ અનુચ્છેદ-૨૧ ની સ્વતંત્રતામાં નીચેની સ્વતંત્રતાઓની વખતો વખત સમાવેશ કરેલો છે.

૧. માહિતીનો અધિકાર (Right to information) ૨. પ્રતિષ્ઠાનો અધિકાર ૩. ખાનગી પણા (Privacy) નો અધિકાર ૪. માનવીય પ્રતિષ્ઠા સાથે જીવવાનો અધિકાર ૫. મફત કાયદાકીય (ન્યાયિક) સહાયતાનો અધિકાર ૬. વિદેશમાં જવાનો અને ફરવાનો અધિકાર ૭. ઊંઘવાનો અધિકાર ૮. સ્વાસ્થ્યનો અધિકાર ૯. તાત્કાલિક સારવારનો અધિકાર ૧૦. સ્વચ્છ પર્યાવરણમાં જીવવાનો અધિકાર ૧૧. નિષ્પક્ષ સુનવણીનો અધિકાર ૧૨. સ્ત્રીઓ સાથે આદર અને સમ્માનપૂર્વક વ્યવહાર કરવાનો અધિકાર ૧૩. જીવન રક્ષાનો અધિકાર ૧૪. સાચા અંતિમસંસ્કારનો અધિકાર.

**અનુચ્છેદ-૨૧ (A) :- શિક્ષણનો અધિકાર :**

અનુચ્છેદ-૨૧ (A) મુજબ રાજ્ય, ૬ થી ૧૪ વર્ષની વય સુધીના તમામબાળકોને, મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે રાજ્ય કાયદાની નક્કી કરે તેવી રીતે જોગવાઈ કરશે.

**યાદ રાખો :**

- અનુચ્છેદ-૨૧ (ક) શિક્ષણનો અધિકાર એ ૮૬ માં બંધારણીય સુધારા, ૨૦૦૨ દ્વારા દાખલ કરવામાં આવ્યો.
- આ અનુચ્છેદની જોગવાઈ મુજબ જ શિક્ષણનો અધિકાર (RTE = Right to Education Act) અધિનિયમ, ૨૦૦૯ પસાર કરવામાં આવ્યો જે ૧ એપ્રિલ ૨૦૧૦ ના રોજથી અમલમાં આવ્યો.
- RTI (Right to Information) :
- ભારતમાં ૧૨ ઓક્ટોબર, ૨૦૦૫ ના રોજથી RTI નો કાયદો Right to Information Act, 2005 અમલમાં આવ્યો. તે મૂળભૂત અધિકાર નથી પરંતુ જો માહિતી આપવામાં નિયત સમય મર્યાદા કરતાં વધુ સમય થાય તો દંડની જોગવાઈ કરવામાં આવી છે. દંડની રકમ અરજી કરનારને આપવાની રહેશે.

**અનુચ્છેદ-૨૨ :- ધરપકડ અને અટકાયત સામે રક્ષણ :**

**અનુચ્છેદ-૨૨** (i) ધરપકડ કે અટકાયતનું કારણ જણાવ્યા સિવાય કોઈપણ વ્યક્તિની ધરપકડ કે અટકાયત કરી શકાય નહિ. આવી વ્યક્તિને પોતાની પસંદગીના વકીલ દ્વારા બચાવ કરવાનો હક છે.

(ii) ધરપકડ કે અટકાયત કરાયેલ વ્યક્તિને ચોવીસ કલાકમાં મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી પડે છે.

(iii) ઉપરોક્ત (i) અને (ii) ની જોગવાઈઓ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(a) શત્રુ દેશના નાગરિક વ્યક્તિને અથવા

(b) ''પ્રતિબંધક અટકાયત'' માટેની જોવગાઈ કરતાં કાયદા અનુસાર ધરપકડ કરાયેલ અથવા અટકમાં રાખેલ વ્યક્તિને.

(iv) 'પ્રતિબંધક અટકાયત' ની જોગવાઈ કરતાં કોઈ કાયદાથી કોઈ વ્યક્તિની ૩

મહિનાથી વધુ મુદત સુધી વધુ અટકાયતમાં રાખી શકાય નહિ. સિવાય કે ઉચ્ચ ન્યાયાલયની લાયકાત ધરાવતા ન્યાયાધીશ તેની અટકાયતને યોગ્ય ઠેરવે.

**યાદ રાખો :**

- **પ્રતિબંધક અટકાયત :** ગુનો આચરતા અટકે, તે માટે અટકાયત કરવામાં આવે તેને પ્રતિબંધક અટકાયત કહેવામાં આવે છે.
- GUJCOC, POTA, POTO, TADA વગેરે પ્રતિબંધક અટકાયત અંગેના કાયદાઓ છે.
- જાહેર વ્યવસ્થા, દેશની એકતા અને અખંડિતતા, અદાલતનો તિરસ્કાર, બદનક્ષી, સુરૂચિ, અને નીતિમત્તા, હિંસા માટેની ઉશ્કેરણી જેવી બાબતોને ધ્યાનમાં રાખી આ બધી જ સ્વતંત્રતાઓ પર કાયદા દ્વારા વાજબી મર્યાદાઓ મૂકી શકાય છે.

# ૩. શોષણ વિરુદ્ધનો અધિકાર
## (Right against exploitation)

**અનુચ્છેદ-૨૩ - મનુષ્ય વેપાર અને બળજબરીથી કરાવાતી મજૂરી (વેઠપ્રથા) ઉપર પ્રતિબંધ.**

- આ અનુચ્છેદ દ્વારા મનુષ્ય વેપાર (ગુલામી પ્રથા) અને વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવાતી બીજા કોઈપણ પ્રકારની મજૂરીનો પ્રતિબંધ કરવામાં આવે છે. જેનું ઉલ્લંઘન કાયદાથી સજાપાત્ર ગુનો ગણાશે.
- પરંતુ સરકાર કેટલીક વિશેષ પરિસ્થિતિઓમાં કોઈપણ જાતના ધર્મ, વંશ, જાતિના ભેદભાવ વગર ફરજીયાત સેવા લઈ શકે છે. જેના માટે તે ધન આપવા બંધાયેલ નથી. જેમકે સૈન્ય સેવા (અનિવાર્ય અને યુદ્ધની અંતિમ પરિસ્થિતિમાં)

**યાદ રાખો :**

**વેઠ પ્રથા :** નાણાંના સ્વરૂપમાં વળતર આપ્યા સિવાય અથવા અપૂરતુ વળતર આપીને ફરજીયાત શારીરિક કામ કરાવવાની પ્રથા.

**અનુચ્છેદ-૨૪ - કારખાનાં વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ.**

આ અનુચ્છેદ-૨૪ મુજબ ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઈ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહિ તેમજ બીજા કોઈ જોખમવાળા કામમાં રોકી શકાશે નહિ.

# ૪. ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર
## (Right to freedom of religion)

**અનુચ્છેદ-૨૫ : અંતઃકરણથી અને મુક્ત રીતે ધર્મને માનવાની પાળવાની અને તેના પ્રચાર કરવાની સ્વતંત્રતા**

**અનુચ્છેદ-૨૫** ભારતના બધા નાગરિકોને પોતાનો મનપસંદ ધર્મ પાળવાની સ્વતંત્રતા આપે છે. બધા ધર્મો રાજ્ય સમક્ષ સમાન છે.

**અનુચ્છેદ-૨૫** અનુસાર જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને અડચણરૂપ ન થાય એ રીતે તમામ લોકોને અંતઃકરણની સ્વતંત્રતા અને મુક્ત રીતે ધર્મમાં માનવાનો પાળવાનો અને તેનો પ્રચાર કરવાનો સમાન હક રહેશે.

**યાદ રાખો :**

- **અનુચ્છેદ-૨૫** માં શીખ ધર્મની માન્યતા મુજબ શીખોને કિરપાણ ધારણ કરવાનો અને સાથે લઈને ફરવાનો અધિકાર છે.
- **અનુચ્છેદ-૨૫ (૨)** માં હિન્દુઓના ઉલ્લેખની અંતર્ગત શીખ, જૈન અથવા બૌદ્ધ ધર્મ પાળનારાઓનો પણ સમાવેશ થઈ જાય છે.

**અનુચ્છેદ-૨૬ : ધાર્મિક બાબતોનો વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય**

**અનુચ્છેદ-૨૬** મુજબ જાહેર વ્યવસ્થા, નીતિમત્તાના અને જાહેર સ્વાસ્થ્યને નુકશાન ન થાય એ રીતે દરેક ધાર્મિક સંપ્રદાય અથવા તેના કોઈ ધાર્મિક સમૂહોને,

(i) ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ સ્થાપવાનો તથા નિભાવવાનો,

(ii) પોતાની ધાર્મિક બાબતોમાં વહીવટ કરવાનો,

(iii) સ્થાવર અને જંગમમિલકતની માલિકીનો અને તેના સંપાદનો,

(iv) એવી મિલકતનો વહીવટ કરવાનો અધિકાર રહેશે.

**અનુચ્છેદ-૨૬** મુજબ દરેક ધાર્મિક સંપ્રદાય પોતાના કર્મકાંડ કરવાની તથા ઉત્સવ મનાવવાની સ્વતંત્રતા ધરાવે છે.

**અનુચ્છેદ-૨૭ : કોઈ ખાસ ધર્મની અભિવૃદ્ધિ માટે ભરવાના કર અંગે સ્વતંત્રતા.**

**અનુચ્છેદ-૨૭** મુજબ રાજ્ય દ્વારા કોઈપણ વ્યક્તિને એવા કર આપવા માટે ફરજ

પાડવામાં આવશે નહિ, જેની જમા રાશિથી કોઈ વિશેષ ધર્મનું પોષણ (અભિવૃદ્ધિ) થતી હોય.

**અનુચ્છેદ-૨૮ : અમુક શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી અંગે સ્વતંત્રતા.**

- **અનુચ્છેદ-૨૮** મુજબ (i) રાજયના નાણા દ્વારા પૂર્ણતઃ પોષિત કોઈ શિક્ષણ સંસ્થામાં કોઈ પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી શકશે નહિ.
- આ ઉપરાંત **અનુચ્છેદ-૨૮** (iii) મુજબ રાજ્ય દ્વારા માન્યતા પ્રાપ્ત અથવા રાજ્ય નાણામાંથી સહાય મેળવતી શિક્ષણ સંસ્થામાં શિક્ષણ લેતી કોઈ વ્યક્તિને એવી સંસ્થામાં અપાતા ધાર્મિક શિક્ષણમાં ભાગ લેવાની અથવા ધાર્મિક ઉપાસના (પ્રાર્થના) માં હાજર રહેવાની ફરજ પાડી શકાશે નહિ, સિવાય કે તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિ સગીર હોય, તો તેના વાલીએ એ માટે પોતાની સંમતિ આપી હોય.

## ૫. સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર
## (Cultural and Educational Rights)

ભારતમાં અલગ-અલગ ધર્મ પાળનારા, વિવિધ ભાષાઓ બોલનારા તથા અલગ-અલગ સંસ્કૃતિ ધરાવતા લોકો રહે છે. આ બધી બાબતોના આધારે ચાલતી લઘુમતીઓના અધિકારોનું રક્ષણ કરવાની જોગવાઈ આ અધિકારમાં પ્રદર્શિત થાય છે.

**અનુચ્છેદ-૨૯ : ધાર્મિક લઘુમતીઓના હિતોનું રક્ષણ**

**અનુચ્છેદ-૨૯ મુજબ,**

(I) ભારતમાં રહેતા કોઈપણ નાગરિક જેને પોતાની અલગ ભાષા, લિપિ અથવા સંસ્કૃતિ છે. તે જાળવી રાખવાનો અધિકાર છે.

(ii) ભારતના કોઈપણ નાગરિકને રાજ્ય દ્વારા સંપૂર્ણતઃ પોષિત (ચલાવાતી) અથવા રાજયના નાણાંમાંથી સહાય મેળવતી કોઈ શિક્ષણ સંસ્થામાં ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, ભાષા અથવા એમાંના કોઈ કારણે પ્રવેશ આપવાથી ઈન્કાર કરી શકશે નહિ.

**અનુચ્છેદ-૩૦ : ધાર્મિક લઘુમતીઓને શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર**

**આ અનુચ્છેદ-૩૦ મુજબ,**

(i) ધર્મ કે ભાષા આધારિત તમામલઘુમતીઓને તેમની પોતાની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો અધિકાર રહેશે.
(૪૪ માં બંધારણીય સુધારા, ૧૯૭૮ મુજબ લઘુમતીઓ દ્વારા સ્થાપિત અને સંચાલિત કોઈ શિક્ષણ સંસ્થાની કોઈ મિલકતનું ફરજિયાત સંપાદન કરતાં સમયે આવશ્યક રકમની ચુકવણીની વ્યવસ્થા કરી ફરજિયાત રહેશે.)

(ii) રાજ્ય કોઈપણ શિક્ષણ સંસ્થા જે ધર્મ અથવા ભાષા ઉપર આધારિત લઘુમતીના વહીવટ હેઠળ હોય એ કારણે અનુદાન આપતી વખતે તેની સાથે ભેદભાવ કરી શકશે નહિ.

**યાદ રાખો :-**

**૪૪ મો બંધારણીય સુધારો, ૧૯૭૮ :** ૪૪ મો બંધારણીય સુધારા, ૧૯૭૮ દ્વારા મિલકતનો અધિકાર રદ કરવામાં આવ્યો જે માટે

(i) અનુચ્છેદ-૧૯ (૧) રદ કરવામાં આવ્યો.

(ii) અનુચ્છેદ-૩૧ (૧) ને ભાગ-૩ માંથી કાઢી નાંખવામાં આવ્યો, તથા એક અલગ અનુચ્છેદ-૩૦૦ (A) બંધારણના ભાગ-૧૨ માં ઉમેરવામાં આવ્યો.

આમ મિલકતનો અધિકાર હવે મૂળભૂત અધિકાર ન રહેતા સામાન્ય કાયદાકીય અધિકાર બનાવી દેવામાં આવ્યો.

*Change means movement.*
*Movement means friction.*
*Friction means beat - and*
*beat is required for growth*
***- Dan Zadra***

# ૬. બંધારણીય ઈલાજોનો અધિકાર
## (Right to constitutional Remedies)

**અનુચ્છેદ-૩૨ : બંધારણીય ઈલાજોનો અધિકાર.**

ડૉ. બાબા સાહેબ આંબેડકરે બંધારણના અનુચ્છેદ-૩૨ ને **"બંધારણનો આત્મા અને હૃદય"** કહ્યું છે.

**અનુચ્છેદ-૩૨ મુજબ,**

(i) આ ભાગ (બંધારણના ભાગ-૩) થી અપાયેલા અધિકારોનો અમલ કરાવવા માટે સર્વોચ્ચ ન્યાયાલયમાં જવાનો અધિકાર આપવામાં આવે છે.

(ii) સર્વોચ્ચ ન્યાયાલયને કોઈપણ મૂળભૂત અધિકારના સંબંધમાં આદેશો અથવા હુકમો અથવા રિટ કાઢવાની સત્તા રહેશે. આમા નીચેની રિટોનો સમાવેશ થાય છે.

બંદીપ્રત્યક્ષી કરણ (Habeas corpus) પરમાદેશ (Mandamus), પ્રતિષેધ (Prohibition), અધિકાર-પૃચ્છા (Quo-warranto), અને ઉત્પ્રેષણ (certiorari) જેવી રીટનો સમાવેશ થાય છે.

(iii) સંસદ કાયદા દ્વારા કોઈ અન્ય ન્યાયાલયને પણ રિટ બહાર પાડવાની સત્તા આપી શકે છે.

(iv) **અનુચ્છેદ-૩૨** ના બંધારણીય ઈલાજોના અધિકારને ક્યારેય પણ નિલંબિત (અટકાવી) શકાતો નથી. સિવાય કે અન્ય બંધારણીય જોગવાઈ થાય.

- **અનુચ્છેદ-૩૨** ને બંધારણીય જોગવાઈથી જ અટકાવી શકાય અન્યથા નહિ જેમકે **અનુચ્છેદ-૩૫૯** અંતર્ગત રાષ્ટ્રીય કટોકટી દરમ્યાન રાષ્ટ્રપતિ તેને સ્થગિત (અટકાવી) શકે છે. આમ, **અનુચ્છેદ-૩૨** ને બંધારણીય સુધારા દ્વારા પણ બદલી શકાતો નથી.
- આમ, 'મૂળભૂત અધિકારોનું' રક્ષણ એ સ્વંય એક મૂળભૂત અધિકાર છે. **અનુચ્છેદ-૩૨** નો અધિકાર સ્વંય એક મૂળભૂત અધિકાર છે.
- **અનુચ્છેદ-૨૨૬** મુજબ ઉચ્ચ ન્યાયાલય પણ મૂળભૂત અધિકારોનાં સંરક્ષણ માટે રિટ બહાર પાડી શકે છે. જ્યારે **અનુચ્છેદ-૩૨** મુજબ સર્વોચ્ચ ન્યાયાલયને મૂળભૂત અધિકારોના સંરક્ષણ માટે રિટ બહાર પાડવાની સત્તા છે.

**યાદ રાખો :**

- સર્વોચ્ચ ન્યાયાલય **અનુચ્છેદ-૩૨** મુજબ માત્ર મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન બદલ જ રિટ બહાર પાડી શકે છે. જ્યારે ઉચ્ચ ન્યાયાલય **અનુચ્છેદ-૨૨૬** મુજબ મૂળભૂત અધિકારો ઉપરાંત અન્ય સામાન્ય કાયદાઓના ઉલ્લંઘન બદલ પણ રિટ બહાર પાડી શકે છે. આમ ઉચ્ચ ન્યાયાલયની રિટ બહાર પાડવાની સત્તા સર્વોચ્ચ ન્યાયાલય કરતાં વધુ છે.
- **અનુચ્છેદ-૩૨** એ મૂળભૂત અધિકાર છે. જ્યારે **અનુચ્છેદ-૨૨૬** એ મુળભુત અધિકાર નથી. સામાન્ય કાનૂની અધિકાર છે.
- "આથી જ સર્વોચ્ચ ન્યાયાલયને મૂળભૂત અધિકારોનો રક્ષક અને ગેરેન્ટી આપવાવાળો કહેવામાં આવ્યો છે."
- સર્વોચ્ચ ન્યાયાલય માટે રિટ બહાર પાડવા માટેનું ન્યાયક્ષેત્ર આખું ભારત છે. જ્યારે ઉચ્ચ ન્યાયાલય માત્ર તેના ન્યાયક્ષેત્ર અંતર્ગત જ રિટ બહાર પાડી શકે છે.

क्या हम यह नहीं जानते कि

आत्म सम्मान - आत्म निर्भरता

के साथ आता है ?

**- ए.पी.जे. अब्दुल कलाम**

# ૧૮. મૂળભૂત ફરજો (Fundamental Duties)

- ભારતના મૂળ બંધારણમાં મૂળભૂત ફરજોનો કોઈ ઉલ્લેખ ન હતો. પરંતુ ઈ.સ. ૧૯૭૬ માં ઈન્દિરા ગાંધી સરકાર દ્વારા સદર સ્વર્ણસિંહની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂક કરવામાં આવી. સ્વર્ણસિંહ સમિતિ દ્વારા બંધારણમાં મૂળભૂત ફરજોને અલગ ભાગ રૂપે જોડવાની ભલામણ કરવામાં આવી.
- તત્કાલીન ભારત સરકારે ૧૯૭૬ માં ૪૨ માં બંધારણીય સુધારાથી બંધારણમાં નવો ભાગ-૪ (A) અને **અનુચ્છેદ-૫૧** (A) ઉમેરવામાં આવ્યો જેમાં ૧૦ જેટલી મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.
- ૮૬ માં બંધારણીય સુધારા, ૨૦૦૨ દ્વારા વધુ એક મૂળભૂત ફરજ ઉમેરવામાં આવી. આમ, વર્તમાનમાં ભારતના બંધારણમાં ૧૧ જેટલી મૂળભૂત ફરજો છે.

**યાદ રાખો :-**

- ભારતના બંધારણમાં મૂળભૂત ફરજોનો વિચાર પૂર્વ સોવિયેત સંઘના બંધારણમાંથી લેવામાં આવ્યો છે.
- માત્ર જાપાન અને ભારતના બંધારણમાં જ મૂળભૂત ફરજો છે.
- સ્વર્ણસિંહ સમિતિ દ્વારા ૮ મૂળભૂત ફરજો જોડવાની ભલામણ કરી હતી. પણ સરકાર દ્વારા ૧૦ મૂળભૂત ફરજો દાખલ કરવામાં આવી.
- મૂળભૂત ફરજો માત્ર ભારતના નાગરિકોને જ લાગૂ પડે છે, વિદેશીઓને નહિ.

- **૬ જાન્યુઆરી**ને **"મૂળભૂત ફરજ દિન"** તરીકે તથા **૧૦ ડિસેમ્બર**ને **"માનવઅધિકાર દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે.

બંધારણના **અનુચ્છેદ-૫૧** (A) મુજબ ભારતના દરેક નાગરિક માટે મૂળભૂત ફરજો નીચે મુજબ છે.

૧. બંધારણનું પાલન કરવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો, રાષ્ટ્રગીતનો આદર કરવાની;

૨. સ્વતંત્રતા માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

૩. ભારતના સાર્વ ભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને

તેમનું રક્ષણ કરવાની;

૪. દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં રાષ્ટ્રીય સેવા કરવાની;

૫. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને ભારતના તમામલોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

૬. આપણી સમન્વિત સંસ્કૃતિના સમુદ્ર વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

૭. જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની તથા પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ રાખવાની;

૮. વૈજ્ઞાનિક દષ્ટિકોણ, માનવતાવાદ અને જ્ઞાનાર્જન તથા સુધારણાની ભાવનાનો વિકાસ કરવાની;

૯. જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

૧૦. વ્યક્તિગત અને સામુહિક પ્રવૃત્તિના તમામક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો જેથી રાષ્ટ્ર પુરૂષાર્થ અને સિદ્ધિનાં વધુને વધુ ઉન્નત સોપાનો તરફ સતત પ્રગતિ કરતુ રહે;

૧૦. વ્યક્તિગત અને સામુહિક પ્રવૃત્તિના તમામક્ષેત્રમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવો જેથી રાષ્ટ્ર પુરૂષાર્થ અને સિદ્ધિનાં વધુને વધુ ઉન્નત સોપાનો તરફ સતત પ્રગતિ કરતુ રહે;

૧૧. માતા-પિતાએ અથવા વાલીએ ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની. (૮૬ મો બંધારણીય સુધારો, ૨૦૦૨)

**યાદ રાખો :**

- મૂળભૂત ફરજોનો ન્યાયાલય દ્વારા અમલ કરાવી શકાય નહિ.
- મૂળભૂત કર્તવ્યોને ન્યાયાલય દ્વારા લાગુ કરાવી શકાતા નથી. બંધારણમાં ન્યાયાલય દ્વારા તેમને ફરજીયાત અમલમાં લાવવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી તથા તેમના ઉલ્લંઘન બદલ પણ કોઈ કાયદાકીય કાર્યવાહીની જોગવાઈ નથી. પરંતુ સંસદ ઈચ્છે તો તેમને અમલમાં લાવવા માટે કાયદો ઘડી શકે છે.

**વર્મા સમિતિ, ૧૯૯૯ :-**

૧૯૯૯ માં મૂળભૂત ફરજોથી સંબંધિત બાબતો માટે માટે વર્મા સમિતિની નિમણૂંક કરવામાં આવી. વર્મા સમિતિઓ પોતાના રિપોર્ટમાં મૂળભૂત ફરજોની જોગવાઈઓના અનુપાલન માટે પહેલાથી અસ્તિત્વમાં રહેલા કાયદાઓ અંગે માહિતી આપી જે નીચે મુજબ હતા.

૧. રાષ્ટ્રીય સમ્માન અપમાન નિવારક અધિનિયમ, ૧૯૭૧ :-
રાષ્ટ્રીય ધ્વજ, રાષ્ટ્રગાન અને ભારતીય બંધારણના પ્રતિ અનાદર સજાને પાત્ર છે.

૨. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ :-
નાશપ્રાય) વન્યજીવોની પ્રજાતિના વેપાર ઉપર પ્રતિબંધ

૩. વન સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૦ :-
જંગલોના નાશ અને જંગલની જમીનનું અન્ય ઉદ્દેશ્ય માટે ઉપયોગ પર પ્રતિબંધ

૪. ઈન્ડિયન પીનલ કોડ-૧૫ (B)
રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને નુકશાન કરતાં આરોપો, કથનો, ભાષણો, લેખો સજાને પાત્ર છે.

૫. ઈન્ડિયન પીનલ કોડ-૨૯૫ થી ૨૯૮ :-
ધર્મથી સંલગ્ન આક્રમક ગતિવિધિઓ જે રાષ્ટ્રને નુકશાનકર્તા તેના પર પ્રતિબંધ તથા સજાની જોગવાઈ.

૬. જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ :-
ધર્મ, જાતિ અને ભાષાના આધારે વૈમનસ્ય ફેલાવી મત માંગવો એ ગુનો બને છે. તથા ઉપરોક્ત કાયદાનુસાર આવો ગુનો આચરનાર જો વિધાન સભ્ય કે સંસદ સભ્ય હોય તો તે ગેરલાયક અથવા અયોગ્ય જાહેર કરવામાં આવે છે.

***સંદર્ભ : ભારતનું બંધારણ અને રાજનીતિ – એક અભ્યાસ**

# *માનવ અધિકારો (Human Rights)

**માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણા :-**

સને ૧૯૪૮ ના ડિસેમ્બર મહિનાની ૧૦ તારીખે સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ માનવ અધિકારોની વિશ્વવ્યાપી ઘોષણાનો સ્વીકાર કરી તેની જાહેરાત કરી અને તેની સંપૂર્ણ યાદી આપવામાં આવી છે આ ઐતિહાસિક ઘટનાના અનુસંધાનમાં સભાએ સભ્યદેશોને આ ઘોષણાની યાદી પ્રસિદ્ધ કરવાની અને ''દેશ-પરદેશની'' રાજકીય સ્થિતિને આધારે કોઈપણ જાતના ભેદભાવ રાખ્યા વિના મુખ્યત્વે શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો પ્રચાર પ્રસાર કરવા અને પ્રદર્શિત કરવા વિનંતી કરવામાં આવી હતી.

◈ પરિવારના તમામ સભ્યોને જન્મજાત ગૌરવ અને સમાન અધિકારની સ્વીકૃતિ વિશ્વ શાંતિ, ન્યાય અને સ્વતંત્રતાનો પાયો છે.

◈ અધિકારોની ઉપેક્ષા અને અપમાન કરવાથી એવા જંગલી કૃત્યો પરિણમ્યા છે કે જેણે જાતના અંતઃકરણમાં બળવો જગાવ્યો છે. સામાન્ય લોકો માટે એવા સમાજની રચના કરવાની જાહેરાત કરવામા આવી છે. જેમાં લોકોને વાણી અને વિચારની સ્વતંત્રતા હોય તથા ભય તથા આઘાતમાંથી મુક્તિ મેળવી શકે. જો માણસને આખરી ઉપાય તરીકે દમન અને અત્યાચાર સામે બળવો પોકારવાનો કે આશ્રય તથા મદદ ન લેવી હોય તો કાયદાની સત્તા દ્વારા અધિકારોને રક્ષણ આપવું જોઈએ.

◈ રાષ્ટ્રો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધોનો વિકાસ કરવાની જરૂરી છે.

◈ સંયુક્ત રાષ્ટ્રોના ઘોષણાપત્રમાં મૂળભૂત અધિકારો તરીકેની પ્રતિષ્ઠા અને મૂલ્યો તથા સ્ત્રી - પુરુષોના સમાન અધિકારો હોવા જોઈએ તે નિશ્ચિત કર્યુ છે. બહોળા

સ્તરે સ્વતંત્ર રીતે સામાજિક પ્રગતિ અને ઉચ્ચ જીવન ધોરણ તરફ લોકોને લઈ જવાનો નિશ્ચય કર્યો છે.

- સભ્ય રાજ્યોએ સંયુક્ત રાષ્ટ્રોના સહકર્મ માનવ અધિકારોના અને મૂળભૂત સ્વતંત્રતાઓના ખ્યાલો લોકોના મનમાં ઉતરે અને લોકો તેનું પાલન કરે તેવી પ્રતિજ્ઞા લીધી છે.
- આ પ્રતિજ્ઞાની સંપૂર્ણપ્રાપ્તિ માટે આવા અધિકારો અને સ્વતંત્રતાઓની સામાન્ય સમઝણ હોવી એ ખૂબ જ મહત્વનું છે.
- બધા જ લોકો અને રાષ્ટ્રો માટે માનવ અધિકારોની આ વિશ્વવ્યાપી ઘોષણાનો હેતુ એ છે કે દરેક વ્યક્તિએ સમાજનું દરેક અંગ આ ઘોષણાને સતત ધ્યાનમાં રાખીને જાગૃતિ અને શિક્ષણ દ્વારા આ અધિકારો એ સ્વતંત્રતાઓ માટે સ્વીકારવાની/અપનાવવાની લાગણી ઉભી થાય અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રગતિશીલ ઉપાયો દ્વારા લોકોમાં સર્વસામાન્ય અને અસરકારક સ્વીકાર અને પાલન કરાવવા માટે પ્રયત્ન કરશે.

प्यार करने के लिए तो ये जिन्दगी भी कम पड जाती है,
पता नहीं लोग नफरत के लिए वक्त कैसे निकाल लेते है ?

**- ए.पी.जे. अब्दुल कलाम**

**અનુચ્છેદ-૧ :** પ્રતિષ્ઠા અને અધિકારોની દ્રષ્ટિએ સર્વ માનવો જન્મથી સ્વતંત્ર અને સમાન હોય છે. તેમનામાં વિચાર શક્તિ અને અંતઃકરણ હોય છે અને તેમણે પરસ્પર બંધુત્વની ભાવનાથી વર્તવું જોઈએ.

**અનુચ્છેદ-૨ :** દરેક વ્યક્તિને જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય અથવા બીજા અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક ઉદ્ભવ સ્થાન, મિલકત, જન્મઅથવા મોભા જેવા કોઈપણ જાતના ભેદભાવ વગર આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા સઘળા અધિકારો અને સ્વતંત્રતા ભોગવવાનો હક્ક છે.

વધુમાં કોઈપણ વ્યક્તિ કે સ્વતંત્ર, ટ્રસ્ટ હેઠળના સ્વશાસન હેઠળ ન હોય તેવા અથવા સાર્વ ભૌમત્વની બીજી કોઈપણ મર્યાદા હેઠળ આવેલા દેશ અથવા પરદેશની હોય તો પણ રાજકીય, હકૂમત વિષયક અથવા આંતરરાષ્ટ્રીય મોભાના ધોરણે તેની સાથે કોઈપણ ભેદભાવ રાખવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૩ :** દરેક વ્યક્તિને જીવવાનો, સ્વતંત્રતાઓ અને સ્વરક્ષણનો અધિકાર છે.

**અનુચ્છેદ-૪ :** કોઈને પણ ગુલામી અથવા પરાધીન દશામાં રાખવામાં આવશે નહીં; દરેક પ્રકારની ગુલામી અને ગુલામોના વેપાર પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

**અનુચ્છેદ-૫ :** કોઈપણ વ્યક્તિની ઉપર જુલ્મ ગુજારવામાં આવશે નહીં અથવા તેની સાથે ઘાતકી, અમાનુષી અથવા હલકા પ્રકારનો વર્તાવ રાખવામાં આવશે નહીં અથવા તેવા પ્રકારની શિક્ષા કરવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૬ :** દરેક વ્યક્તિને દરેક ઠેકાણે કાયદાની સમક્ષ માનવ તરીકે સ્વીકારવાનો અધિકાર છે.

**અનુચ્છેદ-૭:** કાયદા સમક્ષ તમામ મનુષ્યો સમાન છે અને કોઈપણ જાતના ભેદભાવ વિના કાયદાનું રક્ષણ સમાન ધોરણે મેળવવાને હક્કદાર છે. આ ઘોષણાનો ભંગ કરીને કીપણ જાતના ભેદભાવ સામે અને આવા ભેદભાવ જગાવવામાં, કોઈપણ જાતની ઉશ્કેરણી કરવા સામે સમાન રક્ષણ મેળવવાનો સર્વને હક્ક છે.

**અનુચ્છેદ-૮:** દરેક વ્યક્તિ સંવિધાન અથવા કાયદા દ્વારા તેને મળેલા મૂળભૂત અધિકારોનો ભંગ કરતાં કૃત્યો માટે સક્ષમરાષ્ટ્રીય ન્યાયાધીકરણ દ્વારા અસરકારક ઉપાયો લેવાનો હક્ક છે.

**અનુચ્છેદ-૯:** કોઈપણ વ્યક્તિને આપખુદ રીતે ગિરફતાર કરવામાં, અટકાયતમાં રાખવામાં અથવા દેશ નિકાલ કરવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૧૦:** દરેક વ્યક્તિને પોતાના અધિકારો અને બંધનોના અને તેની વિરૂદ્ધ કોઈપણ ફોજદારી આરોપના નિર્ણયમાં કોઈ સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયાધીકરણ દ્વારા વ્યાજબી અને જાહેર સુનાવણી કરાવવાનો સંપૂર્ણ સમાન ધોરણે અધિકાર છે.

**અનુચ્છેદ-૧૧:** (૧) જેની ઉપર ફોજદારી ગુણનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી દરેક વ્યક્તિને ગુનાની જાહેર તપાસણી વખતે તેના બચાવ માટે સઘળી જરૂરી બાંહેધરીઓ આપવામાં આવી હોય છે. કાયદા પ્રમાણે ગુનેગાર સાબિત થાય ત્યાં સુધી પોતાને નિર્દોષ માનવાનો અધિકાર છે.

(૨) કોઈપણ વ્યક્તિને કોઈપણ કૃત્ય અથવા કસૂર જે વખતે કરી હોય અથવા થઈ હોય તે વખતે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ તે કૃત્ય અથવા કસૂર ફોજદારી ગુનો ગણાતો ન હોય તો તે ગણાશે નહીં તેમજ તેને તે ફોજદારી ગુનો થયો હોય તે વખતે લાગુ પડતી હોય તેવી શિક્ષા કરતાં વધુ ભારે

શિક્ષા પણ કરવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૧૨ :** કોઈપણ વ્યક્તિના એકાંત, કુટુંબ, ઘર અથવા પત્ર વ્યવહારમાં આપખુદ રીતે દખલગીરી કરવામાં આવશે નહીં તેમજ તેના માન અને પ્રતિષ્ઠા પર આક્રમણ કરવા દેવામાં આવશે નહીં. આવી દખલગીરી અથવા આક્રમણ સામે કાયદાનું રક્ષણ માગવાનો દરેકને અધિકાર છે.

**અનુચ્છેદ-૧૩:** (૧) દરેક વ્યક્તિને દરેક રાજ્યની હદની અંદર સ્વતંત્ર રીતે હરવા ફરવા અને વસવાટ કરવાનો અધિકાર છે.

(૨) દરેક વ્યક્તિને પોતાનો તેમજ બીજો કોઈપણ દેશ છોડી જવાનો અને પોતાના દેશમાં પાછા ફરવાનો અધિકાર છે.

**અનુચ્છેદ-૧૪ :** (૧) દરેક વ્યક્તિને જુલ્મમાંથી છટકીને બીજા દેશોમાં આશ્રમલેવાનો, ભોગવવાનો અધિકાર છે.

(૨) પરંતુ બિનરાજકીય ગુનાઓમાંથી અથવા સંયુક્ત રાષ્ટ્રોના હેતુઓ અને સિધ્ધાંતોની વિરૂદ્ધ હોય તેવા કૃત્યોમાંથી ખરેખર ઉપસ્થિત થતાં દવાઓના કિસ્સામાં આવા અધિકારની માંગણી કરવી નહીં.

**અનુચ્છેદ-૧૧:** (૧) દરેક વ્યક્તિને રાષ્ટ્રીયતાનો અધિકાર છે.

(૨) કોઈપણ વ્યક્તિ પાસેથી આપખુદી રીતે તેની રાષ્ટ્રીયતાનો હક્ક ઝૂંટવી લેવામાં આવશે નહીં અથવા તેની રાષ્ટ્રીયતામાં ફેરફાર કરવાના હક્કથી તેને વંચિત રાખવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૧૬:** (૧) જાતિ, રાષ્ટ્રીયતા કે ધર્મને લગતી કોઈપણ મર્યાદા વિના પુખ્તવયનાં સ્ત્રી-પુરૂષોને લગ્ન કરવાનો અને કુટુંબ રચવાનો અધિકાર છે. લગ્ન વિશે, લગ્ન દરમ્યાન અને જુદા પડતી વખતે તેઓ સમાન હક્કના અધિકારી છે.

(૨) લગ્ન કરવાની ઈચ્છા રાખતા વરવહુની સ્વતંત્ર અને સંપૂર્ણ સંમતિથી જ લગ્ન કરવામાં આવશે.

(૩) કુટુંબ એ સમાજનું સ્વાભાવિક અને મૂળભૂત એકમછે અને સમાજ તેમજ રાજ્ય દ્વારા રક્ષણનું અધિકારી છે.

**અનુચ્છેદ-૧૭:** (૧) દરેક વ્યક્તિને એકલા તેમજ બીજાની સાથે મિલકત રાખવાનો અધિકાર છે.

(૨) કોઈપણ વ્યક્તિ પાસેથી તેની મિલકત આપખુદી રીતે ઝૂંટવી લેવામાં આવશે નહીં.

**અનુચ્છેદ-૧૮:** દરેક વ્યક્તિને વિચાર, અંતઃકરણ અને ધરણી સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં તેના ધર્મ અથવા માન્યતામાં ફેરફાર કરવાની સ્વતંત્રતા અને પોતાના ધર્મ આઠવ માન્યતાને શિક્ષણ,

વ્યવહાર, ભક્તિ અને પાલન દ્વારા એકલા અથવા બીજાઓની સાથે અને જાહેરમાં અથવા ખાંગોમાં પ્રગટ કરવાની સ્વતંત્રતાનો પણ સમાવેશ થાય છે.

**અનુચ્છેદ-૧૯ :** દરેક વ્યક્તિને અભિપ્રાય અને ઉચ્ચારણની સ્વતંત્રતાનો અધિકાર છે. આ અધિકારમાં દખલગીરી વિના અભિપ્રાયો ધરાવતા સ્વતંત્રતા અને કોઈપણ માધ્યમઅને સરહદોથી પર માહિતી અને વિચારોની શોધ કરવાની તેને પ્રાપ્ત કરવાની અને સાધન કરવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

**અનુચ્છેદ-૨૦:** (૧) દરેક વ્યક્તિને શાંત સભા અને મંડળી રચવાની સ્વતંત્રતાનો અધિકાર છે.

(૨) કોઈપણ વ્યક્તિ પર અમુક મંડળીના સભ્ય થવાની ફરજ પાડી શકાય નહીં.

**અનુચ્છેદ-૨૧:** (૧) દરેક વ્યક્તિને સીધી રીતે અથવા તો સ્વતંત્ર રીતે ચૂંટાયેલા

પ્રતિનિધિઓ દ્વારા પોતાના દેશની સરકારમાં ભાગ લેવાનો અધિકાર છે.

(૨) દરેક વ્યક્તિને પોતાના દેશની જાહેર નોકરીઓમાં સમાન પ્રવેશવાનો અધિકાર છે.

(૩) જનતાની ઈચ્છાએ સરકારની સત્તાની ભૂમિકા રહેશે. આ ઈચ્છા સર્વ માન્ય અને સમાન મતાધિકાર અને ગુપ્ત મતદાન અથવા એવી સમાન સ્વતંત્ર મતદાન પધ્ધતિઓ વડે કરવામાં આવતી નિયતકાલિક અને શુદ્ધ ચૂંટણીઓ દ્વારા વ્યક્ત થશે.

**અનુચ્છેદ-૨૨ :** સમાજના દરેક સભ્ય તરીકે દરેક વ્યક્તિને સામાજિક સલામતિનો અધિકાર છે. પોતાની પ્રતિષ્ઠા અને પોતાના વ્યક્તિત્વનાં સ્વતંત્ર વિકાસના માટે અનિવાર્ય એવા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો, રાષ્ટ્રીય પરિશ્રમઅને આંતરરાષ્ટ્રીય સહકાર દ્વારા અને દરેક રાજ્યનાં સંચાલન અને સમૃદ્ધિ અનુસાર પ્રાપ્ત કરવાની તે અધિકારી છે.

**અનુચ્છેદ-૨૩ :** (૧) દરેક વ્યક્તિને કામકરવાનો, નોકરીની સ્વતંત્ર પસંદગીનો, કામની ન્યાયી અને ફાયદાકારક શરતો અને બેકરી સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.

(૨) દરેક વ્યક્તિને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સમાન કાર્ય માટે સમાન પગાર મેળવવાનો અધિકાર છે.

(૩) કામકરનાર દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના કુટુંબના માનવ પ્રતિષ્ઠાને લાયક અસ્તિત્વની ખાતરી આપતો ન્યાયી અને ફાયદાકારક બદલો મેળવવાનો અને જરૂર જણાય તો સામાજિક રક્ષણના બીજા સાધનો મેળવવાનો અધિકાર છે.

(૪) દરેક વ્યક્તિને પોતાના હિતોના રક્ષણને માટે ટ્રેડ યુનિયનો રચવાનો કે તેમાં જોડાવાનો અધિકાર છે.

**અનુચ્છેદ-૨૪ :** દરેક વ્યક્તિને કામના કલાકોની વ્યાજબી મર્યાદા અને પગાર સાથેની સામયિક રજાઓ સહિત આરામઅને ફુરસદનો અધિકાર છે.

**અનુચ્છેદ-૨૫ :** (૧) દરેક વ્યક્તિને તેના પોતાના અને તેના કુટુંબની તંદુરસ્તી અને સુખને માટે આવશ્યક ખોરાક, કપડાં લત્તા, મકાન અને દાક્તરી સંભાળ અને જરૂરી સામાજિક સેવાઓ સહિત જીવન ધોરણનો અધિકાર છે. અને બેકારી, માંદગી, અશક્તિ, વિધવાવસ્થા, વૃદ્ધાવસ્થા અથવા તેના કાબૂ બહારના સંજોગોમાં આજીવિકાના અભાવ પ્રસંગે તેને સલામતી મેળવવાનો અધિકાર છે.

(૨) માતૃત્વ અને બાળપણ ખાસ સંભાળ અને મદદના અધિકારી છે. લગ્ન કે લગ્નની બહાર જન્મેલા બધા બાળકો એક જ પ્રકારનું સામાજિક રક્ષણ ભોગવશે.

**અનુચ્છેદ-૨૬ :** (૧) દરેક વ્યક્તિને શિક્ષણનો અધિકાર છે. ઓછામાં ઓછું પ્રાથમિક અને પાયાના તબક્કાઓમાં શિક્ષણ મફત રહેશે. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત રહેશે. વિશેષ વિધાવિષયક અને વ્યવસાયી શિક્ષણ સામાન્યતઃ ઉપલબ્ધ રહેશે, અને યોગ્યતાના ધોરણ પર ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાનો સર્વને સમાન અધિકાર રહેશે.

(૨) માનવ વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ અને માનવહક્કો અને મૂળભૂત સ્વતંત્રતાઓ પ્રત્યેના દ્રઢભૂત કરવા તરફથ શિક્ષણનું લક્ષ રાખવામાં આવશે. બધા રાષ્ટ્રો જાતી અથવા ધાર્મિક સમૂહો વચ્ચે તે સમજ, સહિષ્ણુતા અને મૈત્રી બઢાવાશે અને શાંતિની જાળવણી માટેની સંયુક્ત રાષ્ટ્રોની પ્રવૃત્તિઓને આગળ ધપાવશે.

(૩) પોતાના બાળકોને ક્યાં પ્રકારનું શિક્ષણ આપવું. તે પસંદ કરવાનો પ્રથમ અધિકાર મા-બાપનો રહેશે.

**અનુચ્છેદ-૨૭:** (૧) કોમના સાંસ્કૃતિક જીવનમાં છૂટથી ભાગ લેવાનો, કલાઓનો આનંદ માણવાનો અને વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોમાં ભાગીદાર થવાનો દરેક વ્યક્તિને અધિકાર છે.

(૨) વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક સર્જન જેના તે પોતે કરતા હોય તેમાંથી ઉભાં થતા નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણ માટેનો દરેક વ્યક્તિનો અધિકાર છે.

**અનુચ્છેદ-૨૮:** આ ઘોષણામાં રજુ કરવામાં આવેલા અધિકારો અને સ્વતંત્રતાઓ જેમાં સંપૂર્ણ તથા સિદ્ધ થઈ શકે તેવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે દરેક વ્યક્તિ અધિકારી છે.

**અનુચ્છેદ-૨૯:** (૧) જે કોમમાં જ તેના વ્યક્તિને સ્વતંત્ર અને સંપૂર્ણ વિકાસ શક્ય છે, તે કોમપ્રત્યે દરેક વ્યક્તિને ફરજો બજાવવાની હોય છે.

(૨) દરેક વ્યક્તિ પોતાના અધિકારો અને સ્વતંત્રતાઓના અમલની બાબતમાં તે માત્ર બીજાઓના અધિકારો અને સ્વતંત્રતાઓના યોગ્ય સ્વીકાર અને સન્માનની સલામતીના હેતુ માટે અને લોકશાહી સમાજમાં નીતિ, જાહેર વ્યવસ્થા અને સામાન્ય સુખ માટેની વ્યાજબી જરૂરિયાતો પુરી પાડવાના હેતુ માટે કાયદાએ નક્કી કરેલી એવી મર્યાદાઓને આધીને રહેશે.

(૩) કોઈપણ પ્રસંગે આ અધિકારો અને સ્વતંત્રતાઓ સંયુક્ત રાષ્ટ્રના હેતુઓ અને સિદ્ધાંતોની વિરૂદ્ધ અમલમાં મૂકી શકાશે નહીં.

**અનુચ્છેદ-૩૦:** આ ઘોષણામાં રજૂ થયેલા કોઈપણ અધિકારો અને સ્વતંત્રતાઓનો નાશ કરવા માટેની કોઈ પ્રવૃત્તિમાં રોકવાનો અથવા કોઈ કાર્ય કરવાનો કોઈ રાજ્ય, સમૂહ કે વ્યક્તિને અધિકાર પ્રાપ્ત થાય છે. એવો કોઈપણ અર્થ આ ઘોષણાનો કરવાનો નથી.

***સંદર્ભ:** www.ohchr.org/EN/UDHR/Document/UDHR_Translation/gjr.PDF

# *ધારાસભા, કાર્યાલયો, ન્યાયલયો



હવે જ્યારે આપણે એ જાણી ગયા છીએ કે આપણા કાયદા શું છે ? એમનું મહત્ત્વ શું છે ? કાયદા કોણ ઘડે છે ? અને તેનું પાલન ન થવા પર ન્યાય કઈ રીતે થાય છે ?

• આ કાર્ય કાયદો ઘડનારી સંસ્થા, વહીવટી તંત્ર અને ન્યાયતંત્ર કરે છે, કાયદો ઘડનારી સંસ્થાના બે ભાગ છે.

**કાયદો ઘડનારી સંસ્થા (ધારાસભા)**

**સંસદ** | **વિધાનસભા**

**ધારાસભા :**

- ધારાસભામાં જે પક્ષના વધુ સભ્યો ચૂંટાઈને આવે, તેના જ સભ્યો સરકાર ચલાવે છે. વડાપ્રધાન, મુખ્યમંત્રી અથવા મંત્રીઓ (પ્રધાનો) એ જ પક્ષના બને છે.
- આ લોકો પણ ધારાસભાનો હિસ્સો માનવામાં આવે છે.
- સંસદના ત્રણ અંગો છે. લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ.

**રાષ્ટ્રપતિ**

**લોકસભા** | **રાજ્યસભા**

વિધાનસભાના અંગ હોય છે રાજ્યપાલ તથા વિધાનસભા દેશના અમુક રાજ્યોમાં વિધાન પરિષદનું પણ પ્રયોજન હોય છે.

**કેન્દ્રના શાસન દ્વારા કાયદા કેવી રીતે ઘડાય છે ?**
**કેન્દ્રના શાસન દ્વારા કાયદાનો મુસદો તૈયાર કરવો.**

**સંસદમાં ખરડો રજૂ કરવો**

**લોકસભા (નીચેનું ગૃહ)** | **રાજ્યસભા (ઉપલુ ગૃહ)**

↓

**બન્ને ગૃહો દ્વારા કાયદાના ખરડા પર ચર્ચા**

↓

**બન્ને ગૃહોમાં કાયદાના ખરડાનું બીલ પસાર થવું જોઈએ**

↓

**પસાર થયેલ બીલને રાષ્ટ્રપતિની અનુમતિ માટે મોકલવામાં આવે છે**

↓

**બીલને કાયદામાં પરિવર્તિત કરવો તથા ભારત સરકાર દ્વારા ગેઝેટમાં પ્રકાશિત કરવો**

↓

**આ પછી આ કાયદો આખા દેશમાં અમલમાં આવે છે**

- કારોબારી અથવા વહીવટી તંત્ર વિધાયક દ્વારા ઘડેલ કાયદાનો અમલ કરે છે.
- ન્યાયતંત્ર - આના ઉપર નજર રાખે છે. તેમાં અધિકારોનો ભંગ થાય તો કાર્યવાહી કરે છે.
- કારોબારી અથવા વહીવટીતંત્રમાં વિધાનસભા કે સંસદના પ્રધાનમંડળનો સમાવેશ થાય છે. કમિશ્નર, ક્લેક્ટર, એસ.ડી.ઓ. મામલતદાર, તલાટી - બધા જ વહીવટીતંત્રમાં આવી જાય છે. વહીવટીતંત્ર ધારાસભા પ્રત્યે જવાબદાર હોય છે. જનતાના હિતમાં સંસદમાં અથવા વિધાનસભામાં ધારાસભ્ય, સાંસદ, મંત્રી મંડળના સભ્યોને પ્રજાના તરફથી પ્રશ્નો પૂછે છે, જેનો જવાબ વહીવટી તંત્ર એ આપવો પડે છે.

**રાજ્ય વિધાનસભામાં ખરડો રજૂ કરવો**

**વિધાનસભા** **વિધાન પરિષદ**

↓

**સભા દ્વારા ખરડા પર ચર્ચા**

↓

**સભા દ્વારા ખરડો પસાર કરવો**

↓

**ખરડાને રાજ્યપાલની અનુમતિ માટે મોકલવો**

↓

**ખરડાને કાયદામાં પરિવર્તિત કરવો તથા**
**રાજ્ય સરકાર દ્વારા ગેઝેટમાં પ્રકાશિત કરવો**

↓

**આ પછી આ કાયદો આખા રાજ્યમાં અમલમાં આવે છે**

- ધારાસભા જનતા પ્રતિ જવાબદાર હોય છે. કારણ કે તે જનતાના મતથી ચૂંટાય છે.
- ધારાસભા અને વહીવટી તંત્ર જો બંધારણ પ્રમાણે કામન કરે તો ન્યાયતંત્ર તેના ઉપર અંકુશ રાખે છે અને તેના નિર્ણયને માનવો પડે છે.
- જો કોઈ વ્યક્તિને ધારાસભા દ્વારા ઘડવામાં આવેલ કાયદા અથવા વહીવટી તંત્ર દ્વારા કાયદાનો અમલ નહિં કરવાથી કોઈ તકલીફ અથવા મુશ્કેલી હોય તો તે અદાલતમાં કેસ કરીને ન્યાય મેળવી શકે છે.

*My pain may be the reason for*
*somebody's laugh.*
*But my laugh must never be the*
*reason for somebody's pain*
***- Charles Chaplin***

# *આપણા રાજનૈતિક અધિકાર

કોઈ પણ વ્યક્તિ ચૂંટણી લડી શકે છે અને મત આપી શકે છે, તેની શરત છે કે :

- તે વ્યક્તિ પાગલ ન હોય.
- કોર્ટે તેન પાગલ જાહેર ન કર્યો હોય.
- તેને અદાલતે નાદાર એટલે કે પોતાનું દેવું ચુકવવામાં અસમર્થ જાહેર ન કર્યો હોય.
- તે ભારતનો નાગરિક હોય.
- કાયદા દ્વારા તેને અયોગ્ય ન ઠરાવ્યો હોય.

**આપણું ન્યાયતંત્ર :**

આપણે જાણીએ છીએ કે આપણા દેશમાં કાયદાનું શાસન છે. કાયદાના રાજ્યમાં ન્યાયતંત્રનું સ્થાન સૌથી ઊંચું છે. અદાલત અથવા કોર્ટ, કાયદા પ્રમાણે નાગરિકના અધિકારની રક્ષા કરવી એ પોતાનું પરમ કર્તવ્ય સમજે છે.

- આપણા દેશમાં બે પ્રકારની અદાલતો હોય છે.

સર્વોચ્ચ અદાલત (સુપ્રીમકોર્ટ) અને ઉચ્ચ અદાલત (હાઈકોર્ટ)

ઉચ્ચ અદાલત પ્રત્યેક રાજ્યમાં જુદી અથવા સમુહમાં હોય છે.

ઉચ્ચ અદાલતની નીચે બીજી અદાલતો આ પ્રમાણે હોય છે.

| દિવાની અદાલતો | ફોજદારી અદાલતો | રેવન્યૂ અદાલતો |
|---|---|---|
| જિલ્લા ન્યાયાધિશ અદાલત | સેશન્સ કોર્ટ | રેવન્યૂ ટ્રિબ્યુનલ (રેવન્યૂ બોર્ડ) |
| સિવિલ જજની કોર્ટ (સિનિયર ડિવિઝન) | ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ | કમિશ્નરની કોર્ટ |
| સિવિલ જજ જુનિયર ડિવિઝન | જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ | કલેક્ટરની કોર્ટ |
| ----- | ---- | મામલતદારની કોર્ટ<br>ના. મામલતદારની કોર્ટ |

**જિલ્લા સ્તરની ન્યાય વ્યવસ્થા :**

- જિલ્લાની સૌથી મોટી અદાલત તે જિલ્લા અદાલત હોય છે. આ અદાલતના ન્યાયાધીશને જિલ્લા અને સેશન્સ જજ કહે છે. જિલ્લા ન્યાયાધીશની નીચે સિવિલ જજ અને મેજિસ્ટ્રેટ હોય છે. ફોજદારીના જિલ્લા ન્યાયાલયને સેશન્સ અથવા સત્ર ન્યાયલય કહે છે. દિવાની ન્યાયાલયને સિવિલ અદાલત કહે છે. સેશન્સ કોર્ટમાં સેશન્સ જજ અથવા સત્ર ન્યાયાદીશના રૂપમાં જિલ્લા કોર્ટ કહે છે. તેમને જિલ્લા ન્યાયાધીશ કહે છે. જિલ્લા મેજિસ્ટ્રેટ કે સેશન્સ ન્યાયાધીશની મદદ માટે વધારાના ન્યાયાધીશ હોય છે. તેમને વધારાના જિલ્લા ન્યાયાધીશ કહે છે.

**દિવાની અદાલતો :**

- જિલ્લા ન્યાયાલયમાં કોઈપણ રકમની દિવાની બાબતોની સુનવણી થાય છે. સિનિયર ડિવિઝનની અદાલતમાં કોઈ પણ રકમની બાબતોની સુનવણી થઈ શકે છે. દિવાની અદાલત (જુનિયર ડિવિઝન) રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ રૂપિયા) સુધીના દાવાની સુનવણી કરવાની રહે છે અને એની સામે અપીલ જિલ્લા ન્યાયાધીશની અદાલતમાં થાય છે.

**ફોજદારી અદાલતો :**

- ફોજદારી અથવા અપરાધને લગતી બાબતો માટે જિલ્લાની સૌથી મોટી અદાલત ''સત્ર ન્યાયાલય'' હોય છે. એના ન્યાયાધીશને ''સત્ર ન્યાયાધીશ'' કહે છે. સત્ર ન્યાયાધીશને મદદ કરવા માટે વધારાના સત્ર ન્યાયાધીશ હોય છે. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ / એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાત વર્ષ સુધીની કેદની સજા અને દંડ કરવાનો અધિકાર છે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણ વર્ષ સુધીની કેદની સજા અને રૂા. ૧૦,૦૦૦/- સુધીનો દંડ કરવાનો અધિકાર છે. ગંભીર અથવા મોટા ગુન્હાઓની બાબતો પ્રથમશ્રેણીના સત્ર ન્યાયાલયમાં ચાલે છે.

**રેવન્યુને લગતી અદાલતો :**

- આ અદાલતોની નીચે સચિવ, ક્લેક્ટર, મામલતદાર તથા નાયબ મામલતદારની અદાલતો આવે છે.

**અન્ય અદાલતો :**

- અન્ય અદાલતોમાં ઈન્કમટેક્ષ અને શ્રમન્યાયાલય આવે છે.

# આપણા વિશેષ અધિકારો માટે વિવિધ પંચની રચના

**(૧) માનવ અધિકાર પંચ :** માનવ અધિકાર પંચની રચના ભારતમાં ૧૨ ઓકટોબર, ૧૯૯૩ના રોજ કરવામાં આવી.

- આ પંચનું કામકોઈ પણ વ્યક્તિના જીવન, સ્વતંત્રતા, સમાનતા અને પ્રતિષ્ઠા સાથે જોડાયેલ અધિકારોની રક્ષા કરવાનું છે.
- જ્યારે કોઈ વ્યક્તિના અધિકારોનો ભંગ થાય અને સરકારી કર્મચારી અથવા લોક સેવક કે અધિકારી એની મદદ કરવાને બદલે પોતે જ એ વ્યક્તિના માનવ અધિકારોનું ઉલ્લંઘન કરવા લાગે તો માનવ અધિકાર પંચને સાદા કાગળ પર અથવા ફોનથી તેના સરનામે અથવા ફોન નંબર પર ફરિયાદ કરી શકાય છે.
- ફરિયાદ મળતાં જ સંબંધિત લોક સેવક સામે પંચ તપાસ કરી શકે છે અને સરકારને ભલામણ કે સૂચના આપી શકે છે.
- જે સંસ્થાઓ, કારખાના, દવાખાના, જેલો, શાળાઓ, સાર્વજનિક જગ્યાઓ પર અથવા સુધારગૃહ વગેરેમાં લોકોને આશ્રય આપવામાં આવે અથવા પૂછવામાં આવે, જ્યાં ઈલાજ કરવામાં આવે, ત્યાં પણ બધી વ્યવસ્થા બરાબર હોય એની ચિંતા માનવ અધિકાર પંચ કરી શકે છે.
- અપરાધ થાય ત્યારે તથા પોલીસને એફ.આઈ.આર. રિપોર્ટ અથવા સૂચના આપવા છતાં પણ જો પોલીસ દ્વારા કાર્યવાહી ન કરવામાં આવે અથવા બીજા કોઈ ભ્રષ્ટ કારણોને લીધે કાર્યવાહી થાય તો એની ફરિયાદ પણ આ પંચને કરી શકાય છે.

**(૨) અનુસૂચિત જાતિ/જનજાતિ પંચ :**

- ભારતીય બંધારણની કલમ-૩૬ માં પહેલા એક અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ રચનાની જોગવાઈ હતી.
- સને ૨૦૦૩ માં બંધારણમાં ૮૭ માં સુધારાના દ્વારા એક નવી કલમ-૩૩૮ (ક) વધારીને એકને બદલે બે પંચ બનાવવામાં આવ્યાં છે.
- પહેલું : રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ પંચ

- બીજું : રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ પંચ
- દરેક પંચમાં એક અધ્યક્ષ, એક ઉપાધ્યક્ષ અને ત્રણ સભ્યો હોય છે.
- લગભગ બધા રાજ્યોમાં પણ અનુસૂચિત જાતિ અને જનજાતિ પંચની રચના કરવામાં આવી છે.

**(૩) લઘુમતિ પંચની રચના ક્યારે કરવામાં આવી ?**

- લઘુમતિ પંચની રચના ૧૯૭૮ માં ભારતના બંધારણના અનુચ્છેદ-૧૫(૧) મુજબ લઘુમતિઓના હિતોના રક્ષણ માટે કરવામાં આવી હતી.
- લઘુમતિ પંચના અધ્યક્ષનો કાર્યકાળ ત્રણ વર્ષનો હોય છે.
- લઘુમતિના વિકાસ અને સરકારી કામોની દેખરેખ
- લઘુમતિ લોકોના કલ્યાણ અને રક્ષણના કાર્યોની દેખરેખ
- લઘુમતિના લોકોના વિકાસ, કલ્યાણ અને રક્ષણથી વંચિત કરવાની ફરિયાદોનો સરકાર દ્વારા નિવેડો લાવવો.
- લઘુમતિને ભેદભાવ થતો રોકવા સંબંધી ઉપાયોની ભલામણ કરવી.
- લઘુમતિના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસનો અભ્યાસ સુધારા અને વિશ્લેષણ કરવું.
- જ્યારે કોઈ લઘુમતિના અધિકારોનો ભંગ થાય તો તે આ પંચને ફરિયાદ કરી શકે છે.
- પંચને સિવિલ કોર્ટના પાવર્સ હોય છે.
- તે પ્રકરણની નોંધણી કરીને નોટીસ આપી શકે છે.
- કસુરવાન સાબિત થાય તો સરકારમાં પગલાં માટે ભલામણ કરે છે.
- લઘુમતીઓ માટે અનેક યોજનાઓ આ પંચ દ્વારા ચાલી રહી છે.

(૪) **મહિલા પંચ** :મહિલા પંચની રચના અંગે સંસદમાં કાયદો ૧૯૯૦ માં બનાવવામાં આવ્યો તથા તેની મંજુરી અને રચના જાન્યુઆરી ૧૯૯૨ માં કરવામાં આવી, જે ભારતના સંવિધાનના મુળભૂત હકોનાં અંતર્ગત કરવામાં આવી.

- આખા દેશમાં રાજ્ય મહિલા પંચ બનાવવામાં આવ્યા છે. ગુજરાત મહિલા આયોગનું સરનામું આ મોડેલને અંતે આપેલ છે.

**મહિલા પંચના કાર્યો :**

- દેશમાં મહિલાઓ આત્મનિર્ભર બનાવવી.
- મહિલાઓના હિતોની દેખભાળ અને એની સુરક્ષા કરવી.
- મહિલાઓ સાથેના ભેદભાવનો અંત લાવવો.
- મહિલાઓના ગૌરવ અને માન જળવાય તે સુનિશ્ચિત કરવું.
- મહિલાઓને વિકાસની સમાન તક અપાવવી.
- મહિલાઓ પર થતા અત્યાચાર અથવા અપરાધ ઉપર કાર્યવાહી કરવી.

**મહિલા પંચને સિવિલ કોર્ટના અધિકાર છે જે :**

- કોઈ પણ વ્યક્તિને સમન્સ મોકલી પોતાની સમક્ષ હાજર થવા ફરમાન કરી શકે છે. એફિડેવિટ લઈને તપાસ કરી શકે છે.
- દસ્તાવેજ / કાગળો મંગાવી શકે છે.
- મહિલાના અધિકારની રક્ષા કરવાનું કામઆ પંચ કરે છે.
- કોઈ મહિલા સાથે અત્યાચાર થવા પર તે પાછળ જણાવેલ સરનામે સાદા કાગળ પર પંચમાં ફરિયાદ નોંધાવી શકાય છે, જેના પર કાર્યવાહી થઈ શકે છે અને મહિલાને ન્યાય અપાવી શકાય છે.

**ગુજરાત રાજ્ય મહિલા આયોગનું સરનામું :** બ્લોક નં.૬, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦. ફોન ૦૭૯-૨૩૨૫૧૬૦૪.

**(૫) પછાત વર્ગ પંચ** : સને ૧૯૯૩ માં પછાતવર્ગ માટે પંચની રચના કરવામાં આવી.

- પછાત વર્ગના લોકોના કલ્યાણ માટે બનાવવામાં આવેલ કાયદાઓ અને પ્રાપ્ત સગવડોના અધિકારોની રક્ષા કરવી.
- પછાત વર્ગના કલ્યાણ અને વિકાસને માટે યોજના અને નીતિઓ બનાવવી.
- પછાત વર્ગના લોકોને લાભ પહોંચાડવા માટે શિક્ષણ, સામાજિક, આર્થિક વિકાસના કાર્યક્રમ તૈયાર કરવા.
- પછાત વર્ગના વિદ્યાર્થીઓને શાળા શિક્ષણ તથા કોલેજના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ અપાવવી.

***સંદર્ભ : "કાયદો બધાને માટે"**- ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ

નોંધ :

નોંધ :

નોંધ :

નોંધ :


"આપણે તમામ વ્યક્તિઓનાં માનવ અધિકારોનું રક્ષણ કરીશું."


ચાલો આવી બાળ અધિકારોની ઝુંબેશ
ફરીથી... ફરીથી... ફરીથી...


બાળ સુરક્ષા અભિયાન - ૨૦૧૪
જાતિય શોષણ :-


Capacity Building Training Programme
for the Members of
Ahmedabad Saheri Yuva Manch
Palce : Astha, Udaipur
Date : 18th to 21 November 2013


Celebration of 2nd October, 2013
Birthday of Mahatma Gandhi
Our Father of Nation
Who preached Non - Violence,
Practice Truth and Simplicity




## સેન્ટર ફોર ડેવલપમેન્ટ

**રજીસ્ટર્ડ ઓફિસ :**

૧૧, અમન સોસાયટી, રસુલાબાદ,

શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮.

ફોન : ૦૭૯-૨૬૫૭ ૭૦૧૬

E-mail : cfd.ad28@gmail.com

Web. : www.cfdngo.org


CfD Centre for Development

mensen met een missie